આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૫૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## બીલીમોરા-અમલસાડ રોડ પર અંબિકાના પુલ પર તિરાડ દેખાતાં લોકોમાં ડર

### આ પુલ પર સમારકામના બીજા દિવસે હવે તિરાડ પણ દેખાઈ હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા વાહનચાલકોમાં ચિંતા : બ્રિજના મુખ્ય સ્ટ્રક્ચરને કોઈ જોખમ ન હોવાથી ભયભીત ન થવા પીડબલ્યુડીના ઈજનેરની સ્પષ્ટતા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૮ :** બીલીમોરા અને અમલસાડને જોડતા મુખ્ય માર્ગ પર અંબિકા નદી પર આવેલો મેજર બ્રિજ હાલ વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ રહ્યો હોવાનો સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થતા સમગ્ર ઘટના ફરી ટોક ઑફ ધ ટાઉન બની હતી. પુલની બાજુમાં ફરી એકવાર મોટી તિરાડ દેખાતા બુધવારે સ્થાનિક રહીશો અને અહીથી પસાર થતા હજારો વાહનચાલકોના જીવ પડીકે બંધાયા હતા. આશ્ચર્યની વાત એ છે કે, તંત્ર દ્વારા વારંવાર કરવામાં આવતું થીગડાં સમાન સમારકામ ગણતરીના કલાકો પણ ટકતું નથી, જેને પગલે કામગીરીની ગુણવત્તા સામે અનેક સવાલો ઉભા થયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, અંબિકા નદી પરના આ પુલની હાલત બિસ્માર હોવાને કારણે તાજેતરમાં જ તેને બંધ કરી સમારકામ હાથ ધરાયું હતું. ગત શનિવારે જ આ સમારકામ પૂર્ણ કરી બ્રિજને વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જોકે બીજા જ દિવસે એટલે કે રવિવારે બ્રિજમાં ફરી ગાબડું પડી ગયું હતું. જેથી તંત્રએ દોડતા થઈને તાબડતોબ ફરીથી સમારકામ કરવું પડ્યું હતું.

આ ઘટનાને હજુ માંડ બે દિવસનો સમય વિત્યો નથી ત્યાં બુધવારે ફરી એકવાર બ્રિજની સાઈડના ભાગે ભયજનક તિરાડ નજરે ચડતા લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. નદીના ધસમસતા પ્રવાહ વચ્ચે પુલમાં પડેલી આ તિરાડના ફોટો અને વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર પંથકમાં પુલની સલામતીને લઈને અનેક તર્ક-વિતર્કો શરૂ થયા હતા અને લોકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. સ્થાનિક અગ્રણીઓ અને વાહનચાલકોના જણાવ્યા મુજબ, આ માર્ગ પરથી ચોવીસ કલાક ભારે ટ્રાફિક પસાર થાય છે. જો તંત્ર દ્વારા આ રીતે માત્ર થીગડાં મારીને સંતોષ માનવામાં આવશે, તો ભવિષ્યમાં કોઈ મોટી હોનારત સર્જાઈ શકે છે. ચોમાસાની સિઝનમાં નદીની સપાટી વધઘટ થતી હોવાથી પુલના પાયા વધુ નબળા પડવાની ભીતિ છે. લોકમુખે ચર્ચાતી વિગતો મુજબ, કરોડોના ખર્ચે બનતા સરકારી કામોમાં દેખાતી આવી ખામીઓ પાછળ જવાબદાર કોણ હાલમાં જનતામાં એક જ સૂર ઉઠ્યો છે કે અંબિકા નદીના આ અત્યંત મહત્વપૂર્ણ એવા મેજર બ્રિજની સમસ્યાનું વહીવટી તંત્ર દ્વારા વહેલી તકે કોઈ ચોક્કસ અને કાયમી ધોરણે નિવારણ લાવવામાં આવે, જેથી નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં ન મુકાય.

બીજી તરફ આ મામલે પંચાયત માર્ગ અને મકાન વિભાગ, નવસારીના ઈજનેર નિલય નાયકે ટેલિફોનિક વાતચીતમાં સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, બ્રિજ સંપૂર્ણપણે સલામત છે. બ્રિજના મુખ્ય સ્ટ્રક્ચરને કોઈ જોખમ ન હોવાથી વાહનવ્યવહાર પૂર્વવત શરૂ રાખવામાં આવ્યો છે અને લોકોને ભયભીત ન થવા અપીલ કરાઈ છે.

## મુખ્યમંત્રી આજે દ.ગુ.ની મુલાકાતે

### વરસાદગ્રસ્ત વિસ્તારની રાહત અને બચાવ કામગીરીનું નિરીક્ષણ કે સમીક્ષા કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

**અમદાવાદ,તા.૮ :** ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી મેઘરાજાએ જમાવટ કરી છે ત્યારે આજે ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમગ્ર રાજ્યમાં પ્રવર્તી રહેલી વરસાદી સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

આ બેઠક બાદ પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, પ્રવર્તમાન વરસાદી પરિસ્થિતિનો પ્રત્યક્ષ તાગ મેળવવા, અસરગ્રસ્તોની સ્થિતિ જાણવા અને રાહત-બચાવ કામગીરીનું જાત નિરીક્ષણ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવતીકાલે સુરત અને વલસાડ જિલ્લાની રૂબરૂ મુલાકાત લેશે. મુખ્યમંત્રીએ જાતે ગ્રાઉન્ડ ઝીરો પર જવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત, મુખ્યમંત્રીએ રાજ્યના તમામ વરસાદગ્રસ્ત વિસ્તારોમાં જે-તે જિલ્લાના સ્થાનિક મંત્રીઓ તેમજ પ્રભારી મંત્રીઓને સ્થળ મુલાકાત અને સમીક્ષા માટે આદેશ કર્યો છે. રાજ્યમાં સર્જાયેલી ભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે દીવાલ કે વૃક્ષ ધરાશાયી થવા તથા વીજળી પડવા જેવા વિવિધ કારણોસર અકાળે મૃત્યુ પામેલા ૧૧ નાગરિકોને મુખ્યમંત્રી સહિત સમગ્ર મંત્રીમંડળ દ્વારા ભાવપૂર્ણ શોકાંજલિ અર્પણ કરી હતી.










વલસાડ EMRI GREEN HEALTH SERVICES દ્વારા

## વઘઈમાં પશુચિકિત્સા અધિકારીઓ માટે એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** EMRI GREEN HEALTH SERVICES દ્વારા પશુ આરોગ્ય સેવાઓને વધુ મજબૂત અને અસરકારક બનાવવાના ઉદ્દેશ્ય સાથે "Integrate, Improve & Inspire" નામ હેઠળ એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન વઘઈ માં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી પશુચિકિત્સા અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગુજરાત રાજયના ૧૯૬૨ EMERGENCY હેલ્પલાઈન પ્રોજેક્ટના પ્રોજેક્ટ હેડ ડૉ. મુકેશ ચાવડા, ગુજરાતના વિવિધ ટેરેટરીના પ્રોગ્રામ મેનેજરો અને પ્રોજેક્ટ કોઓર્ડિનેટરો પણ આ તાલીમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

તાલીમ દરમિયાન સોફ્ટ સ્કિલ્સ અને Operational Excellence જેવા મહત્વના વિષયો પર નિષ્ણાંતો દ્વારા સેશન લેવામાં આવ્યા હતા. સાથે જ ટીમ વર્કને પ્રોત્સાહન આપવા અને સેવાની ગુણવત્તા વધારવા માટે વિવિધ પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવી હતી. EMRI GREEN HEALTH SERVICES ના અધિકારીઓએ જણાવ્યું કે આ પ્રકારના તાલીમ કાર્યક્રમો દ્વારા ક્ષેત્રમાં કામ કરતા અધિકારીઓની કુશળતા વધારવા અને ૧૯૬૨ હેલ્પલાઈન સેવાને વધુ કાર્યક્ષમ બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિતોએ આવા આયોજન બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને ભવિષ્યમાં પણ આવા સત્રો યોજવાની માંગ કરી હતી.

## નોગામા ગામે યુવતિને તરછોડતા પોલીસ ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૮ :** ચીખલી તાલુકાના નોગામ રહેતા કમલેશ મુકેશ પટેલને એક યુવતી સાથે આંખો મળી જતા યુવતી દ્વારા યુવક સાથે પ્રેમ સંબંધ બંધાયા બાદ યુવતીએ વારંવાર લગ્ન માટે પ્રસ્તાવ મુકતા યુવક તરફથી લગ્ન નો ઈનકાર કરવામાં આવતા યુવતીએ બીજા યુવક સાથે લગ્ન નક્કી કરતા આ વાતની જાણ પ્રેમી કમલેશને થતા પોતાની પ્રેમીકા સાથે લગ્ન કરનાર યુવકના ઘરે જઈ કમલેશે મારા આ યુવતી સાથે પ્રેમ સંબંધ હોવાની જાણ કરતા યુવકે લગ્ન કરવાનો ઈનકાર કરી દીધો હતો ત્યારે પ્રેમ સંબંધમાં હતાશ થયેલી યુવતીએ સામાજિક રાહે લેખિત લખાણ કરી બંને પરિવારો દ્વારા આ પ્રેમી યુગલે પોતપોતાની રીતે જ્યાં લગ્ન કરવા હોય ત્યાં લગ્ન કરી શકે જો કે થોડા સમય બાદ પ્રેમી કમલેશનું મન પીગળતા કમલેશે ફરીથી યુવતી સાથે પ્રેમ સંબંધ શરૂ કર્યા હતાં. તેમ જ યુવતીને લગ્ન કરવાનું વચન આપી વારંવાર શારીરિક સંબંધો બાંધેલ જોકે બાદમાં યુવતી દ્વારા વારંવાર લગ્નનો પ્રસ્તાવ કરતા કમલેશ દ્વારા કોઈ પ્રતિસાદ ન મળતા તેમજ વાયદાઓ કરતો આવેલ અને લગ્ન નહીં કરી યુંવતીને તરછોડી દેતા યુવતીએ તારીખ ૭.૭.૨૦૨૬ના રોજ ચીખલી પોલીસ સ્ટેશનમાં પ્રેમી કમલેશ વિરૂધ ફરિયાદ આપતા બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.


**NOTICE INVITING TENDER**

**Name of work :- "Medical Servece-Nurse Calling System for D Block 450 bedded Shri Vinoba Bhave Hospital, Silvassa, DNH (3rd Call)."**

For details please scan dnhtenders.gov.in ee-road-dnh.nic.in 0260 2642041

Tender Notice No. : 06 of 2026-27
On line downloading start of tender documents : 07.07.2026 09.00 Hrs
Pre Bid Meeting
Last date & Time for Receipt Of Bid/Uploading Bid : 14.07.2026 14.00 Hrs
Online Opening of Technical Bid : 14.07.2026 15.30 Hrs
On line opening of Price Bid : 14.07.2026 16.00 Hrs. (if possible)
Tender ID No. 2026_UTDNH_8140_1
Outward No. :4-1(1)/WCD.I/E-Ten./2025-26/12 dt:07.07.2026

NO.: IP/DMN/2/5/2026-27/302 DATED :08/07/2026



**NOTICE INVITING TENDER**

**Name of work :- "Furniture Work for UG Hostel No.3 in Namo Medical College Campus at Sayli, DNH (2nd Call)."**

For details please scan dnhtenders.gov.in ee-road-dnh.nic.in 0260 2642041

Tender Notice No. : 06 of 2026-27
On line downloading start of tender documents : 07.07.2026 09.00 Hrs
Pre Bid Meeting
Last date & Time for Receipt Of Bid/Uploading Bid : 14.07.2026 14.00 Hrs
Online Opening of Technical Bid : 14.07.2026 15.30 Hrs
On line opening of Price Bid : 14.07.2026 16.00 Hrs. (if possible)
Tender ID No. 2026_UTDNH_8141_1
Outward No. :4-1(1)/WCD.I/E-Ten./2025-26/12 dt:07.07.2026

NO.: IP/DMN/2/5/2026-27/303 DATED :08/07/2026



**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૨૮૯/૨૦૨૬

**અરજદાર : રમેશભાઈ લક્ષ્નણભાઈ લાડ,**
**રહે.** ભોલા નગર, ને.હા.નં.૮, પારનેરા,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, સેગરી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રમેશભાઈ લક્ષ્નણભાઈ લાડ,** રહે.ભોલા નગર, ને.હા.નં.૮, પારનેરા, તા.જી.વલસાડએ તેમના દાદા **છીબાભાઈ કારીયાભાઈ લાડનું** મરણ તા.૨૮-૦૮-૧૯૮૯ના રોજ મોજે. સેગવી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૨૮૯/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)



**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૬૭૪/૨૦૨૬

**અરજદાર : ટંડેલ બબલીબેન રતનજીભાઈની પુત્રી તે પરસોત્તમભાઈ ટંડેલની પત્ની,**
**રહે.** ભાગલ, મંદિર ફળિયા,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, નાની દાંતી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ટંડેલ બબલીબેન રતનજીભાઈની પુત્રી તે પરસોત્તમભાઈ ટંડેલની પત્ની,** રહે.ભાગલ, મંદિર ફળિયા, તા.જી.વલસાડએ તેમના પોતાનો **ટંડેલ બબલીબેન રતનજીભાઈનો** જન્મ તા.૦૧-૦૬-૧૯૬૩ના રોજ મોજે. નાની દાંતી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૧૬૭૪/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)


## આહવા પોલીસ હેડ કવાટરમાં ઝાડ તથા ફળાઉ વૃક્ષોનું વૃક્ષારોપણ કરાયું

### ડાંગ જિલ્લા પોલીસે મિયાવાંકી પદ્ધતિથી ૭૦૦થી વધુ વૃક્ષો વાવી વનોના જતનનો સંદેશ આપ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૦૮ :** દેશના વડાપ્રધાનના એક પેડ મા કે નામ ૩.૦ અભિયાન અંતર્ગત, ડાંગ જિલ્લા પોલીસ વડા પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ આહવા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે એક પ્રશંસનીય પર્યાવરણીય પહેલ કરવામાં આવી છે. અહીં પોલીસ કર્મચારીઓ દ્વારા જાપાનીઝ મિયાવાકી પદ્ધતિથી ૭૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરીને વનોના જતન અને સંવર્ધનનો સરાહનીય સંદેશ આપવામાં આવ્યો છે. આજરોજ ડાંગ જિલ્લા પોલીસ વડા પૂજા યાદવે આ નવવિકસિત વનની મુલાકાત લઈ સ્થળ નિરીક્ષણ કર્યું હતું અને વૃક્ષોની યોગ્ય જાળવણી કરવા બાબતે જરૂરી સૂચનો આપ્યા હતા. વૃક્ષારોપણની વિગતો આપતાં નાયબ પોલીસ અધિક્ષક જે.પી. નલવૈયાએ જણાવ્યું હતું કે, પોલીસ હેડ ક્વાર્ટર ખાતે આવેલી પડતર અને બંજર જમીનનું ધોવાણ અટકાવવાના તેમજ સમગ્ર કેમ્પસને હરિયાળું રાખવાના ઉદ્દેશ્ય સાથે આ આયોજન કરાયું છે. અહીં મિયાવાકી પદ્ધતિથી ઘટાદાર અને વિવિધ ફળાઉ વૃક્ષો રોપવામાં આવ્યા છે. આ સાથે જ આ પરિસરમાં એક આકર્ષક માનવસર્જિત ધોધનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે, જે હાલ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

ગુજરાત સરકાર દ્વારા શહેરો, ગામો, જાહેર સ્થળો અને ખાલી સરકારી જમીનો પર વનો વિકસાવીને "હરિયાળા ગુજરાત"ના નિર્માણ માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જે સંદર્ભે ડાંગ પોલીસની આ કામગીરી દર્શાવે છે કે, વૃક્ષારોપણ એ માત્ર એક પ્રતીકાત્મક કાર્યક્રમ નથી, પરંતુ પર્યાવરણ સુરક્ષા અને ભાવિ પેઢી માટે સ્વચ્છ, હરિયાળું તેમજ સ્વસ્થ જીવન સુનિશ્ચિત કરવાની દીર્ઘદ્રષ્ટિપૂર્ણ પહેલ છે.

## આહવા-સાપુતારા માર્ગ પર ધસી પડેલી ભેખડોને દુર કરાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૦૮ :** ડાંગ જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી વરસી રહેલા ભારે વરસાદને પગલે સર્જાયેલી પરિસ્થિતિમાં જનજીવન સામાન્ય રહે અને વાહનવ્યવહારને કોઈ અસર ન થાય તે માટે માર્ગ અને મકાન (રાજ્ય) વિભાગ, આહવા દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે.

ડાંગ કલેક્ટર એન. ડી. પરમારના માર્ગદર્શન તથા કાર્યપાલક ઈજનેર કેતન કુકણાની દેખરેખ હેઠળ, વિભાગના અધિકારીઓ અને ફિલ્ડ સ્ટાફ દ્વારા સતત સ્થળ પર હાજર રહીને અસરગ્રસ્ત માર્ગોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને રસ્તા નડતરરૂપ અવરોધો દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી. ભારે વરસાદને કારણે કેટલાક સ્થળોએ રસ્તાઓ પર માટી, પથ્થરો અને કાદવ ધસી આવતાં તેમજ ગટર અને ક્રોસ ડ્રેનેજ ચોકઅપ થઈ જતાં, જે.સી.બી. મશીન અને અન્ય સાધનોની મદદથી તાત્કાલિક સફાઈ હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત માર્ગો પર ધરાશાયી થયેલાં વૃક્ષો અને ડાળીઓ પણ દૂર કરી વાહનવ્યવહાર પુનઃ શરૂ કરવામાં આવ્યો હતો. આ કામગીરીને વેગવંતી બનાવવા માટે વિભાગ દ્વારા ૧૭ જેટલા જે.સી.બી., ૮ ટ્રેક્ટર, ૧૫૦થી વધુ શ્રમિકો તેમજ તમામ ફિલ્ડ સ્ટાફને સતત સેવામાં જોડવામાં આવ્યા હતા. જિલ્લામાં ભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે નાગરિકોની સલામતી જળવાઈ રહે તે માટે માર્ગ અને મકાન વિભાગ (પંચાયત, રાજ્ય અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ) દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે, જેને પગલે હાલ તમામ મુખ્ય માર્ગો પર વાહનવ્યવહાર નિયમિત રીતે કાર્યરત છે.


**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૪૧૯/૨૦૨૬

**અરજદાર : રાજેશભાઈ સોમાભાઈ પટેલ,**
**રહે.** ઊમરસાડી, ભવન ફળિયા, પો. શંકર તળાવ, વાયા ડુંગરી,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ઊમરસાડી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રાજેશભાઈ સોમાભાઈ પટેલ,** રહે.ઊમરસાડી, ભવન ફળિયા, પો.શંકર તળાવ, વાયા :ડુંગરી, તા.જી.વલસાડએ તેમના પોતાનો **પટેલ રાજેશકુમાર સોમાભાઈનો** જન્મ તા.૦૧-૦૩-૧૯૭૦ના રોજ મોજે. ઊમરસાડી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૧૪૧૯/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)



**જાહેર નોટીસ / સમન્સ**

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૩૭/૨૦૨૬**

**અરજદાર : નંદુભાઈ મંગળભાઈ ગાંવિત**
**રહે.** પાટી, દિગ્ધા ફળિયા
તા.ખેરગામ જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પાટી**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **નંદુભાઈ મંગળભાઈ ગાંવિત** રહે. પાટી, દિગ્ધા ફળિયા, તા. ખેરગામ જી.નવસારીએ તેમના દાદી **ધાકુબેન નવસ્યાભાઈ ગાંવિત**નું મરણ મોજે, પાટી, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૧૦/૦૮/૧૯૮૩ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૯/૬/૨૦૨૬**
**સ્થળ : વાંસદા**

કોર્ટનો સિક્કો

સહિ/-
(બી.એલ. માહલા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા



**NOTICE INVITING TENDER**

**Name of work :- "Signages Works Required for D Block Namo Hospital Phase-1, Silvassa (2nd Call)."**

For details please scan dnhtenders.gov.in ee-road-dnh.nic.in 0260 2642041

Tender Notice No. : 06 of 2026-27
On line downloading tender start of documents : 07.07.2026 09.00 Hrs
Pre Bid Meeting
Last date & Time for Receipt Of Bid/Uploading Bid : 14.07.2026 14.00 Hrs
Online Opening of Technical Bid : 14.07.2026 15.30 Hrs
On line opening of Price Bid : 14.07.2026 16.00 Hrs. (if possible)
Tender ID No. 2026_UTDNH_8142_1
Outward No. :4-1(1)/WCD.I/E-Ten./2025-26/12 dt:07.07.2026

NO.: IP/DMN/2/5/2026-27/304 DATED :08/07/2026



**જાહેર નોટીસ / સમન્સ**

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૩૮/૨૦૨૬**

**અરજદાર : નંદુભાઈ મંગળભાઈ ગાંવિત**
**રહે.** પાટી, દિગ્ધા ફળિયા
તા.ખેરગામ જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પાટી**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **નંદુભાઈ મંગળભાઈ ગાંવિત** રહે. પાટી, દિગ્ધા ફળિયા, તા. ખેરગામ જી.નવસારીએ તેમના ફોઈ **ઠગલીબેન નવસ્યાભાઈ ગાંવિત**નું મરણ મોજે, પાટી, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૧૫/૦૬/૧૯૮૩ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૯/૬/૨૦૨૬**
**સ્થળ : વાંસદા**

કોર્ટનો સિક્કો

સહિ/-
(બી.એલ. માહલા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા



**No. MAM/SIL/RTS/RBD-DNH/102/Birth/2026/3161 Dated: 16/06/2026.**

**APPLICANT- Manoj Paramanand Roy,**
**Presently residing at- 01, Bavisa Faliya**
**Shiv flour mill, Amli, DNH.**
**Mo 7819832329**

**V/S**

**OPPONENTS - The Registrar of Births & Deaths, Silvassa Municipal Council.**

**NOTICE**

The public to take note that the above, named applicant Manoj Paramanand Roy's son, namely Vaibhav Kumar, who was born on 05/07/2009 at Mukta Hospital, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Silvassa Municipal Council. Hence, the applicant has moved on application to pass an order to register birth of Vaibhav Kumar. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**


## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૯-૦૭-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** જેઠ, નોમ **સૂર્યોદય :** ૦૬ : ૦૪ **સૂર્યાસ્ત** ૦૭ :૨૪, **ચંદ્રોદય** - ૧૨:૪૮ **ચંદ્રાસ્ત** - ૦૨:૧૫ **ચંદ્ર રાશિ :** મેષ, **નક્ષત્ર** - અશ્વિની

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજનો દિવસ સારો રહેશે. અટકેલા કામો પૂરા થશે અને જીવનમાં સકારાત્મક બદલાવ આવશે. પારિવારિક જીવનમાં જીવનસાથીનો સહયોગ મળશે. વાણીમાં મધુરતા રાખવી ફાયદાકારક સાબિત થશે.

**વૃષભ (બ, વ, ઉ) :** આર્થિક સ્થિતિ મજબૂત બનશે અને પ્રગતિ માટે નવી તકો મળશે. વેપારમાં અટવાયેલા નાણાં પરત આવી શકે છે. પરિવાર સાથે સમય આનંદમાં પસાર થશે.

**મિથુન (ક, ઘ, ચ) :** કામકાજના પ્રોજેક્ટ્સ સમયસર પૂરા થશે. ઓફિસમાં અધિકારીઓ તમારી મહેનતની કદર કરશે. વિદ્યાર્થીઓ માટે સમય ઉત્તમ છે, કોઈ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળી શકે છે.

**કર્ક (ડ, હ) :** આકસ્મિક ધનલાભ થવાના યોગ છે. માનસિક શાંતિનો અનુભવ કરશો. લાંબા સમયથી અટકેલા કાર્યો આજે ગતિ પકડશે. પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે.

**સિંહ (મ, ટ) :** તમારા અટકેલા સરકારી કામો પૂર્ણ થઈ શકે છે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થશે. કાર્યક્ષેત્રે નવી જવાબદારીઓ મળશે, જે તમને ભવિષ્યમાં મોટો ફાયદો કરાવશે.

**કન્યા (પ, ઠ, ણ) :** આર્થિક મામલે સાવધાની રાખવી જરૂરી છે. કોઈને ઉધાર આપેલા પૈસા પાછા મેળવવામાં મુશ્કેલી પડી શકે છે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**તુલા (ર, ત) :** ભાગીદારીમાં વેપાર કરતા લોકો માટે સારો દિવસ છે. આર્થિક સમસ્યાઓ ઓછી થશે. વિવાહિત જીવનમાં મધુરતા વધશે. નવા લોકો સાથે મુલાકાત વેપારમાં વૃદ્ધિ કરાવશે.

**વૃશ્ચિક (ન, ય) :** પોઝિટિવ વિચારોથી તમારા કામ પૂરા થશે. સ્વાસ્થ્યમાં થોડી નબળાઈ રહી શકે છે, તેથી બહારનું ખાવાનું ટાળવું. વાદ-વિવાદથી દૂર રહેવું અને શાંતિથી કામ લેવું.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે. સંતાન પક્ષ તરફથી કોઈ સારા સમાચાર મળી શકે છે. વિદ્યાર્થીઓ માટે અભ્યાસમાં ધ્યાન આપવાનો આ યોગ્ય સમય છે.

**મકર (ખ, જ) :** આર્થિક ક્ષેત્રે સફળતા મળશે. પ્રોપર્ટી કે વાહન ખરીદવાના યોગ બની રહ્યા છે. પરિવારના સભ્યો સાથે મતભેદ દૂર થશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** યાત્રાના યોગ છે, જે ફાયદાકારક સાબિત થશે. મિત્રોનો સાથ મળશે અને અટકેલા કાર્યો પૂરા થશે. આવકના નવા સ્રોત ઊભા થશે, મન પ્રસન્ન રહેશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** વ્યવસાયિક નિર્ણયો લેતી વખતે સાવધાની રાખવી. કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ ન જાય તેનું ધ્યાન રાખવું.

## દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

**ગુરૂવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૨૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | 4 | | | | 9 | 3 | |
| | | 3 | 6 | | 2 | 1 | | |
| 6 | | 8 | | | | 4 | | 2 |
| | | | 1 | | 7 | | | |
| | | 5 | | 2 | | 6 | | |
| | | | 3 | | 6 | | | |
| 1 | | 9 | | | | 8 | | 3 |
| | | 6 | 9 | | 4 | 5 | | |
| | 3 | 7 | | | | 2 | 4 | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેકબોક્સમાંએકથી નવસુધીનોઆંકઆવવાજોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૨૨નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 7 | 1 | 3 | 5 | 8 | 2 | 4 | 6 |
| 8 | 3 | 6 | 9 | 4 | 2 | 5 | 1 | 7 |
| 2 | 4 | 5 | 7 | 6 | 1 | 9 | 3 | 8 |
| 1 | 6 | 9 | 8 | 2 | 3 | 4 | 7 | 5 |
| 3 | 2 | 7 | 4 | 1 | 5 | 6 | 8 | 9 |
| 5 | 8 | 4 | 6 | 9 | 7 | 3 | 2 | 1 |
| 6 | 1 | 3 | 2 | 7 | 9 | 8 | 5 | 4 |
| 4 | 5 | 2 | 1 | 8 | 6 | 7 | 9 | 3 |
| 7 | 9 | 8 | 5 | 3 | 4 | 1 | 6 | 2 |

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


# ગુંદલાવ બ્રિજ પ્રથમ વરસાદમાં જ ધોવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** વલસાડ જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે નંબર ૪૮ ની બિસ્માર હાલતને કારણે વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. હાઈવે તેમજ ઓવરબ્રિજ પર કરોડો રૂપિયાના ખર્ચે ડામર રોડ બનાવવામાં આવતા હોવાના મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ દર વર્ષે ચોમાસાની શરૂઆત થતાં જ તંત્રની આ કામગીરીના થીગડાં હવામાં ઓગળી જાય છે. ચાલુ વર્ષે પણ પ્રથમ વરસાદે જ હાઈવે ઓથોરિટીની નબળી કામગીરી એ ભ્રષ્ટાચારની પોલ ખોલી નાખી છે. વલસાડ જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે ૪૮ પર આવેલા ગુંદલાવ હાઈવે ઓવરબ્રિજના એક ભાગનું સમારકામ કરીને તેને માત્ર ૧૫ દિવસ પહેલાં જ વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. કરોડોના ખર્ચે નવો ડામર રોડ બનાવીને





વાહનો સડસડાટ દોડશે તેવી આશા હતી, પરંતુ આ આશા પ્રથમ વરસાદમાં જ ધોવાઈ ગઈ છે. માત્ર બે-ત્રણ દિવસના સામાન્ય વરસાદમાં જ આ નવો બનેલો બ્રિજનો રોડ સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે, જેને કારણે કામગીરીની હલકી ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. વાહનચાલકો અને સ્થાનિકોમાં તંત્ર સામે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. માત્ર ચોમાસા પૂર્વે કામચલાઉ સમારકામ કરીને અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ જાય છે. સ્થિતિ એટલી હદે વણસી છે કે રસ્તો બનાવનારા મશીનો હજુ ઘટનાસ્થળેથી પૂરેપૂરા હટે તે પહેલાં જ તેની પાછળનો આખો રસ્તો ફરીથી તૂટી જતો હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. ડામર અને અન્ય મટીરિયલમાં મોટા પાયે ગેરરીતિ થઈ હોવાનું સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

ગુંદલાવ બ્રિજ પર મોટા-મોટા ખાડા પડી જવાને કારણે અને કપચી ઉખડી જવાથી દ્વિચક્રી અને મોટા વાહનો સ્લિપ થવાનો ભય સતત તોળાઈ રહ્યો છે. વરસાદી પાણી ભરાવાને કારણે વાહનચાલકોને ખાડાનો અંદાજ આવતો નથી, જેથી ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે. આ હલકી ગુણવત્તાવાળા રોડના કારણે હાઈવે પર વાહનોની ગતિ ધીમી પડી જાય છે અને કલાકો સુધી ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. સ્થાનિક જનતા અને વાહનચાલકોની એક જ માંગ છે કે આ કરોડો રૂપિયાના આંધણ પાછળ જવાબદાર કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ સામે કડક તપાસ થાય અને ગુંદલાવ બ્રિજ તેમજ એનએચ-૪૮ પર કાયમી ધોરણે મજબૂત રસ્તો બનાવવામાં આવે એવી માંગ કરી છે.

# વલસાડ કલેક્ટરે પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** દક્ષિણ ગુજરાતં દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ચોવીસ કલાકથી અવિરત પડી રહેલા ભારે વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. અતિભારે વરસાદની આગાહી અને ભારે વરસાદના પગલે સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે એલર્ટ મોડ પર આવી ગયું છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતા જિલ્લા કલેક્ટરે ભારે વરસાદની નીચાણવાળા વિસ્તારોની જાતે મુલાકાત લઈને સ્થિતિની સમીક્ષા કરી હતી.

કલેક્ટરે પૂરથી પ્રભાવિત હનુમાનભાગડા, તરીયાવાડ અને કૈલાશ રોડ બ્રિજ જેવા વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમણે આ વિસ્તારોમાં વરસાદની વર્તમાન સ્થિતિ અને જરૂરી વ્યવસ્થાઓ અંગે ત્યાં હાજર સ્થાનિક અધિકારીઓ તેમજ નગરજનો સાથે સીધો સંપર્ક કર્યો સાધ્યો હતો.

હનુમાન ભાગડા આસપાસના અને સ્થાનિક આગેવાનો પાસેથી વિસ્તારની વાસ્તવિક સ્થિતિ વિશે તાગ મેળવ્યો હતો અને ત્વરિત પગલાં લેવા સૂચના આપી હતી.

આ ઉપરાંત, કલેક્ટરે જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમની પણ રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે કંટ્રોલ રૂમના અધિકારીઓ અને કર્મચારીઓને ૨૪ કલાક એલર્ટ મોડમાં રહેવા અને કોઈપણ પ્રકારની કટોકટીની સ્થિતિ ઊભી થાય તો તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી શરૂ કરવા કડક આદેશ આપ્યા છે.

કલેક્ટરે જણાવ્યું હતું કે, ભારે વરસાદને ધ્યાનમાં રાખીને સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર ખડેપગે તૈનાત છે અને પૂરની પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

ઉચ્ચ અધિકારીઓ રહ્યા હાજર હતા. કલેકટર ની વેચાણ વાળા મુલાકાત દરમિયાન કલેક્ટરની સાથે જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજા, વલસાડ પ્રાંત અધિકારી વિમલ પટેલ, નાયબ પોલીસવડા એ.કે. વર્મા તેમજ મામલતદાર વિકાસ વાઘેલા સહિતના ઉચ્ચ વહીવટી અને પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે હાજર રહ્યાં હતા.

# મોટાવાઘછીપા શ્રી ડી.પી. પટેલ સાર્વ. હાઈ.નું ગૌરવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૮ :** ગાંધીનગર ના ટાઉન હોલ માં માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, કપડવંજ બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ મહેસાણા અને અનંતા એજ્યુકેશન કેમ્પસ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત પર્યાવરણ અને ગ્લોબલ વૉર્મિંગ વિષયક વિશિષ્ટ ઈતિહાસ સર્જક કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી કુલ ૨૫૬થી વધુ પર્યાવરણની જાળવણી અને સંવર્ધન કરનાર સખત મહેનતુ પરાક્રમી એવા શિક્ષક ભાઈઓ બહેનોની પસંદગી કરવામાં આવી હતી. એમાં વલસાડ જિલ્લાના કુલ ૨૯ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોની પસંદગી થઈ હતી. જેમાં શ્રી ડી. પી. પટેલ સાર્વજનિક માધ્યમિક શાળા, મોટાવાઘછીપા, તા.,પારડી, જિ.,વલસાડના ચિત્ર શિક્ષક વિપુલ ડી. પટેલ ની પસંદગી થઈ હતી.

એમણે કરેલ પર્યાવરણ ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ ગુજરાત સરકાર દ્વારા પર્યાવરણ સંરક્ષણ એવોર્ડ-૨૦૨૫ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના માનવતા શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર સાહેબના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. આ સિવાય આ કાર્યક્રમમાં શિક્ષણ ક્ષેત્રોની વિવિધ મહાન હસ્તીઓ જેવી કે શૈલેષભાઈ રાજગોર, ગજેન્દ્રકુમાર જોશી, નરેન્દ્રભાઈ દવે, કનુભાઈ પ્રજાપતિની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ સમગ્ર કાર્યક્રમનો સંપૂર્ણ સંચાલન મદદનીશ સચિવ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ પુલકિત જોશી સાહેબની અથાગ મહેનત અને એમના ટીમના ખૂબ જ સફળ અને સક્રિય આયોજન દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું હતું.

### 'બેટી બચાવો બેટી પઢાવો' અંતર્ગત PCPNDT અધિનિયમ અંગે

# ઉદવાડામાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ)

**પારડી, તા. ૦૮ :** ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળની જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, વલસાડ દ્વારા 'બેટી બચાવો બેટી પઢાવો' યોજના અંતર્ગત ગત તા. ૦૬/૦૭/૨૦૨૬ના રોજ એક વિશેષ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. પારડી તાલુકાના ઉદવાડા ખાતે આવેલી તાલુકા હેલ્થ કચેરી ખાતે યોજાયેલા આ સેમિનારમાં તાલુકાની આશા કાર્યકર બહેનોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ જાગૃતિ કાર્યક્રમ દરમિયાન તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી ઉપસ્થિત તમામ આશા કાર્યકર બહેનોને PCPNDT અધિનિયમ (ગર્ભધારણ પૂર્વે અને પ્રકૃતિ પૂર્વે નિદાન તકનીક કાયદો) ની વિવિધ કાયદાકીય જોગવાઈઓ વિશે વિસ્તૃત કાનૂની સમજ આપવામાં આવી હતી. તેમણે ગર્ભલિંગ નિર્ધારણ પરના સંપૂર્ણ પ્રતિબંધ, આ કાયદા પાછળના મુખ્ય હેતુઓ અને સમાજમાં કાયદાના અસરકારક અમલીકરણમાં આરોગ્ય કાર્યકરોની ભૂમિકા અંગે વિશેષ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

કાર્યક્રમના અંતમાં, ગ્રામ્ય સ્તરે સીધો જનસંપર્ક ધરાવતી ઉપસ્થિત તમામ આશા કાર્યકર બહેનોને સરકારની આ તમામ કલ્યાણકારી યોજનાઓનો વ્યાપ વધારવા અને તેના લાભો ગામડાના છેવાડાના અને વધુમાં વધુ પાત્રતા ધરાવતા લાભાર્થીઓ સુધી પહોંચાડવા માટે સક્રિય યોગદાન આપવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો હતો.

# અબ્રામા સાંઈલીલા મોલ પાસે 'મોટી કબર' જેવો ખાડો પડયો : વાહનચાલકો પરેશાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** વલસાડમાં ચોમાસાની શરૂઆત થતાં જ પાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલી ગઈ છે. અબ્રામા વિસ્તારમાં આવેલા પ્રખ્યાત સાંઈ લીલા મોલ પાસેથી પોલીસ હેડ ક્વોટર્સ તરફ જતા મુખ્ય રસ્તા પર વરસાદ પડતાની સાથે જ ભયજનક પરિસ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, વરસાદના કારણે આ માર્ગ પર એક ભયાનક અને મોટો ખાડો પડી ગયો છે, જે જોતાં એવું લાગે જાણે કોઈ મોટી કબર ખોદાઈ ગઈ હોય! આ વિશાળ ખાડાની આજુબાજુનો આખો રસ્તો પણ તદ્દન બિસ્માર અને ધોવાઈ ગયેલી હાલતમાં ફેરવાઈ ગયો છે. પહેલા જ વરસાદમાં જો રસ્તાની આવી હાલત થતી હોય છે. તંત્ર વહેલી તકે જાગે અને આ મોત સમાન ખાડાનું તાત્કાલિક સમારકામ કરે તેવી માંગ કરી છે. અબ્રામા વિસ્તારના રહીશો અને અહીંથી પસાર થતા વાહનચાલકોમાં વહીવટી તંત્રની બેદરકારી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# વલસાડ જિલ્લા સલાહકાર સમિતિની પ્રથમ બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૦૮ :** જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ નીતિન વી. સાંગવાન, IAS ના અધ્યક્ષસ્થાને આજે કલેક્ટર કચેરી, વલસાડ ખાતે MY Bharat District Advisory Committee (MYB-DAC) Ö×ë MY Bharat District Samanvay Committee (MYB-DSC) ની પ્રથમ સંયુક્ત બેઠક યોજાઈ.

બેઠકમાં MY Bharat મુખ્યાલયના માર્ગદર્શન અનુસાર જિલ્લા સલાહકાર સમિતિ તથા જિલ્લા સમન્વય સમિતિની રચના, હેતુઓ અને કાર્યપદ્ધતિ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. ઉપરાંત જિલ્લામાં વધુમાં વધુ યુવાનોનું MY Bharat Portal પર નોંધણી સુનિશ્ચિત કરવા તેમજ તમામ શાળાઓ, કોલેજો, ITI, પોલિટેકનિક અને યુનિવર્સિટીઓમાં MY Bharat Nodal Officer તથા Campus Ambassador ની નિમણૂક કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

બેઠકમાં એવો પણ નિર્ણય લેવામાં આવ્યો કે શાળાઓ, કોલેજો, ગ્રામ પંચાયતો, યુવા ક્લબો તથા વિવિધ સરકારી વિભાગોના સંકલનથી યુવાનોને MY Bharat ની વિવિધ પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવશે. તેમજ Green Valsad, Plastic Free Valsad, વૃક્ષારોપણ, સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, આપદા વ્યવસ્થાપન, રક્તદાન અને રાષ્ટ્ર નિર્માણ સંબંધિત વિવિધ અભિયાનોને જનભાગીદારીના માધ્યમથી વ્યાપક સ્તરે અમલમાં મૂકવામાં આવશે. બેઠકને સંબોધતા જિલ્લા કલેક્ટર નીતિન વી. સાંગવાન, IAS એ તમામ સરકારી વિભાગો, શૈક્ષણિક સંસ્થાઓ, ગ્રામ પંચાયતો, યુવા સંગઠનો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા MY Bharat સાથે જોડાયેલા સ્વયંસેવકો વચ્ચે વધુ સારો સમન્વય સ્થાપિત કરીને વધુમાં વધુ યુવાનોને રાષ્ટ્રસેવા અને સમાજ નિર્માણના કાર્યો સાથે જોડવા પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું કે યુવાનોની ઊર્જા અને ક્ષમતાનો સકારાત્મક ઉપયોગ કરીને જનભાગીદારી દ્વારા વલસાડને હરિત, સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત જિલ્લો બનાવવાના લક્ષ્યને સફળ બનાવી શકાય છે.

આ પ્રસંગે જિલ્લા યુવા અધિકારી આયુષ ચૌધરીએ MY Bharat ના ઉદ્દેશ્યો, જિલ્લામાં ચાલી રહેલા કાર્યક્રમો, આગામી પ્રવૃત્તિઓ તથા વાર્ષિક કાર્યયોજનાનું સંક્ષિપ્ત પ્રસ્તુતીકરણ કર્યું.

તેમણે વધુમાં વધુ યુવાનોને MY Bharat Portal સાથે જોડવા તેમજ શૈક્ષણિક સંસ્થાઓ, ગ્રામ પંચાયતો અને યુવા ક્લબોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા માટેની કાર્યયોજનાની રજૂઆત કરી. બેઠકમાં વિવિધ વિભાગોના અધિકારીઓ તથા સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ 'ચાઈલ્ડ હેલ્પલાઇન'ની સમજાવટથી બાળક ફરી શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડાયું

### મોબાઈલ અને ઓનલાઈન ગેમની આદત છોડીને બાળકે ફરી શાળાએ જવાનો સંકલ્પ કર્યો

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૦૮ :** વલસાડ જિલ્લામાં તા. ૨૬/૦૬/૨૦૨૬ના રોજ ચાઈલ્ડ હેલ્પલાઈનને કોલ સેન્ટર મારફતે માહિતી પ્રાપ્ત થઈ હતી કે ૧૨ વર્ષીય બાળક છેલ્લા કેટલાક સમયથી નિયમિત રીતે શાળાએ જતું નથી. માહિતી મળતા જ ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમે પરિવારનો સંપર્ક કરીને બાળક અને તેના માતા-પિતા સાથે વિગતવાર મુલાકાત અને કાઉન્સેલિંગ કર્યું.



કાઉન્સેલિંગ દરમિયાન જાણવા મળ્યું કે બાળક ધોરણ-૭માં અભ્યાસ કરે છે, પરંતુ ગૃહકાર્ય કરવામાં મુશ્કેલી પડતી હોવાથી તેમજ ગુજરાતી વિષયમાં પૂરતી સમજ ન હોવાના કારણે તેને શાળાએ જવાનું પસંદ નહોતું. વધુમાં, મોબાઈલ ફોનનો વધુ પડતો ઉપયોગ અને ઓનલાઈન ગેમ રમવાની આદતને કારણે પણ તેના અભ્યાસ અને દૈનિક જીવન પર નકારાત્મક અસર પડી રહી હતી. ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમ દ્વારા બાળકને શિક્ષણના મહત્વ અંગે સમજ આપવામાં આવી અને જીવનમાં શિક્ષણનું મૂલ્ય સમજાવાયું. સાથે જ, માતા-પિતાને બાળક પ્રત્યે પ્રેમ, હૂંફ અને ધીરજપૂર્વક વર્તીને તેને યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવાની સલાહ આપવામાં આવી. બાળકને અભ્યાસમાં આવતી મુશ્કેલીઓ દૂર કરવા માટે પરિવારના સહયોગનું મહત્વ પણ સમજાવવામાં આવ્યું.

સમજાવટ અને અસરકારક કાઉન્સેલિંગ બાદ બાળક નિયમિત રીતે શાળાએ જવા અને ગૃહકાર્ય પૂર્ણ કરવા માટે તૈયાર થયું. ઉપરાંત, મોબાઈલ ફોનનો ઉપયોગ મર્યાદિત કરવા અને ઓનલાઈન ગેમ રમવાની આદતને ધીમે-ધીમે છોડવાનો સંકલ્પ પણ બાળક દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો.

ચાઈલ્ડ હેલ્પલાઈનની સમયસરની કામગીરી અને માર્ગદર્શનના પરિણામે બાળક ફરીથી શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડાવા માટે પ્રેરિત થયું, જે સમાજ માટે એક સકારાત્મક અને પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડે છે.

### ચોમાસામાં વારંવાર સર્જાતી સમસ્યાના કાયમી ઉકેલ માટે

# અરનાલા પાટીમાં કોલક નદીના કોઝવે પર ઊંચા પુલનું નિર્માણ કરવા માંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા.૦૮ :** નાનાપોઢા તાલુકામાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે અરનાલા પાટી ખાતે કોલક નદી પર આવેલ કોઝવે પર વહેલી સવારથી પાણી ફરી વળતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. પાણીનો પ્રવાહ વધતાં કોઝવે પરથી પસાર થવું જોખમી બન્યું છે. દરમિયાન કોઝવેની સાઈડ રેલિંગનો બન્ને ભાગ પણ તૂટી જતાં અકસ્માતનો ભય વધુ વધી ગયો છે.

વાહનવ્યવહાર બંધ થતાં અરનાલા પાટી સહિત આસપાસના અનેક ગામોના લોકો મુશ્કેલીમાં મુકાયા છે. શાળાએ જતાં વિદ્યાર્થીઓ, સરકારી તથા ખાનગી કર્મચારીઓ, દૈનિક મજૂરો અને વેપારીઓને પોતાના સ્થળે પહોંચવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. કેટલાક લોકોને લાંબો વૈકલ્પિક માર્ગ

**કોઝવે પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર ઠપ્પ, સાઈડ રેલિંગ તૂટતાં અકસ્માતનો ભય**

અપનાવવાની ફરજ પડી છે, જ્યારે કેટલાક લોકો પાણી ઉતરે તેની રાહ જોતા જોવા મળ્યા હતા.

સ્થાનિકોના જણાવ્યા મુજબ દર વર્ષે ચોમાસા દરમિયાન આ કોઝવે પર પાણી ફરી વળે છે, જેના કારણે ગામો વચ્ચેનો સંપર્ક તૂટી જાય છે. પુલ નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. પણ હજુ સુધી કામ ચાલુ કરવામાં આવ્યું નથી. તૂટેલી સાઈડ રેલિંગના કારણે રાત્રિના સમયે અથવા ભારે વરસાદ દરમિયાન અકસ્માતની સંભાવના વધુ રહેતી હોવાનું ગ્રામજનોએ જણાવ્યું છે.

સ્થાનિક લોકોએ તંત્રને કોઝવેની તાત્કાલિક , તૂટેલી રેલિંગ હટાવી જોઈએ. વહીવટી તંત્ર દ્વારા લોકોને પાણી ભરાયેલા કોઝવે પરથી પસાર ન થવા અપીલ કરવામાં આવી છે. પાણીનું સ્તર ઘટ્યા બાદ માર્ગ ફરી શરૂ કરવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી છે.

# વલસાડના જલારામ રોડ પર ગેરકાયદેસર ડ્રેનેજ જોડાણોથી ગંદકીનું સામ્રાજ્ય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** વલસાડ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર નવના સભ્યો અને વલસાડ નગરપાલિકાની કાયદા સમિતિના ચેરમેન નિતેશ એમ. વશી દ્વારા ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરી કે વલસાડ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર-૯ માં આવેલા હાલર વિસ્તારમાં કલેક્ટર ઓફિસ અને સીટી પોલીસ સ્ટેશનવાળા મુખ્ય જલારામ રોડ પર ગંભીર જાહેર આરોગ્યની સમસ્યા ઉભી થઈ છે.માર્ગ અને મકાન વિભાગ દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે ગટર બનાવવામાં આવી છે જ્યારે વલસાડ ના જલારામ બાપાના મંદિરથી લઈને ડીએસપી ઓફિસ સર્કલ સુધીના માર્ગ પર મોટા પ્રમાણમાં શોપિંગ સેન્ટરો આવેલા છે.



આ સંકુલોમાં કાર્યરત રેસ્ટોરન્ટો, લારીઓવાળા ફૂડ કોર્ટ, પાણી-પુરીના સ્ટોલ, વિવિધ દુકાનો અને ઓફિસો દ્વારા ડ્રેનેજ લાઈનના યોગ્ય જોડાણો લેવામાં આવ્યા નથી.

તેના બદલે, સરકારી તંત્ર દ્વારા માત્ર વરસાદી પાણીના વહેણ માટે બનેલી લાઈનમાં ગેરકાયદેસર રીતે ડ્રેનેજના ગંદા પાણી છોડવામાં આવી રહ્યા છે. આ ગેરકાયદેસર કૃત્યના પરિણામે કલેક્ટર કચેરીથી હાલર તરફ જતા મુખ્ય જાહેર રોડ પર ડ્રેનેજના પાણી ઉભરાઈ રહ્યા છે અને ચારેય તરફ અસહ્ય ગંદકી તેમજ દુર્ગંધ ફેલાઈ રહી છે.

આજ વિસ્તારમાંથી પાલિકાની પીવાના પાણીની મુખ્ય લાઈનો પણ પસાર થઈ રહી છે.


ગટરના ગંદા પાણીનો ભરાવો સતત રહેવાના કારણે આ પીવાના પાણીની લાઈનોમાં ગંદુ પાણી મિક્સ થઈ જવાની પૂરેપૂરી શક્યતા છે. જાહેર હિતને ધ્યાને રાખીને, કાયદા સમિતિના ચેરમેને ચીફ ઓફિસર સમક્ષ માંગ કરી છે કે જ્યાં સુધી આ તમામ રેસ્ટોરન્ટો, ફૂડ કોર્ટ, દુકાનો અને ઓફિસો પ્રોપર ડ્રેનેજ કનેક્શન ન મેળવે, ત્યાં સુધી તેમના ગેરકાયદેસર જોડાણો તાત્કાલિક અસરથી કાપી નાખવામાં આવે અને કાયદાનું ઉલ્લંઘન કરનારા આવા એકમોને જાહેર હિતમાં તાત્કાલિક બંધ કે સીલ કરાવવાની કડક કાર્યવાહી કરવામાં આવે એવી માંગ કરી છે.

### ભારે વરસાદમાં ફસાયેલા રેલ મુસાફરોની વ્હારે આવી સાંસદની ટીમ

# વલસાડમાં આર.એસ.એસ. અને યુવા મોર્ચાએ આખી રાત સેવા યજ્ઞ ચલાવ્યો







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** ગઈકાલે વલસાડ જિલ્લામાં થયેલા ભારે વરસાદના કારણે રેલવે વ્યવહારને વ્યાપક અસર પહોંચી હતી, જેના લીધે વંદે ભારત અને કર્ણાવતી એક્સપ્રેસ જેવી અનેક મહત્વની ટ્રેનો વલસાડ રેલવે સ્ટેશન પર જ અટકી પડી હતી.

ટ્રેનો અટવાઈ જવાની માહિતી મળતા જ વલસાડ-ડાંગ વિસ્તારના સાંસદ ધવલભાઈ પટેલ તાત્કાલિક એક્શનમાં આવ્યા હતા. સાંસદશ્રીએ સમગ્ર રાત રેલવે પ્રશાસન સાથે સંકલન સાધ્યું હતું, બીજી તરફ, રેલવે સ્ટેશન પર કલાકોથી ભૂખ્યા-તરસ્યા ફસાયેલા મુસાફરોની વહારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, યુવા મોર્ચા અને ના કાર્યકરો આવ્યા હતા. યુવા મોર્ચાના અગ્રણી સાથીઓ ભાષીન દેસાઈ, આર્યન જોશી અને અન્ય કાર્યકરોએ RSSના સ્વયંસેવકો સાથે મળીને તાત્કાલિક સેવા કાર્ય શરૂ કર્યું હતું. આ ટીમે ભારે વરસાદની પરવા કર્યા વિના તમામ મુસાફરોને સમયસર ગરમાગરમ ભોજન, પાણી અને અન્ય જરૂરી સામગ્રી પહોંચાડીને મોટી રાહત આપી હતી,આ સાથેજ ભિલાડ રેલવે સ્ટેશન ખાતે પણ ભાજપ ના કાર્યકરો દ્વારા બિસ્કિટ અને પાણી ની બોટલોનું મુસાફરોને વિતરણ કરવામાં આવ્યું હતું.

વિશેષ વાંચન
Thursday 09, July 2026
દમણગંગા ટાઇમ્સ

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. **-સંપાદક**

## શૂન્યતાનું સર્જન અને સર્જનની શૂન્યતા



શૂન્ય માંથી ઈચ્છો એટલી વાર સર્જન કરી શકો; પરંતુ એકવાર સર્જન થયા પછી ફરી શૂન્ય બનવું અથવા તો શૂન્ય તરફ વળવું ખૂબ કપરું છે.

માનવ જીવનની આખી મથામણ અસ્તિત્વથી વ્યક્તિત્વ સુધી પહોંચવાની છે, પણ પરમ સત્ય તો વ્યક્તિત્વ ઓગાળીને ફરી અસ્તિત્વમાં ભળી જવામાં છે. ગણિતનો એક નિયમ છે કે, શૂન્યમાંથી તમે ધારો એટલી સંખ્યાઓ સર્જી શકો છો, શૂન્યને ગમે તેટલા વડે ગુણો તો પણ એ અનંતની ક્ષમતા રાખે છે. પણ વિડંબના એ છે કે, એકવાર એ શૂન્યમાંથી કોઈ આકાર, કોઈ સંખ્યા કે કોઈ અસ્તિત્વ જન્મી જાય... પછી ફરી પાછા શૂન્ય તરફ વળવું કે શૂન્ય બની જવું એ સંસારનો સૌથી કકળો પ્રવાસ બની જાય છે. શૂન્યમાંથી સર્જન સહજ છે, પણ સર્જનમાંથી વિસર્જન અને વિસર્જનમાંથી પુનઃ શૂન્યતા તરફની ગતિ એ આધ્યાત્મિકતાની પરાકાષ્ઠા છે.

આ પ્રવાસને જો આપણે હૃદયના ભાવથી સમજીએ, તો જ્યારે બાળક જન્મે છે ત્યારે તે એક કોરી પાટી જેવું, સાવ શૂન્ય હોય છે. એ શૂન્યતામાં એટલી પવિત્રતા હોય છે કે એમાંથી તમે ચાહો તેવા સંસ્કારો, સંબંધો અને સ્મૃતિઓનું સર્જન કરી શકો છો. પણ જેમ જેમ ઉંમર વધે છે, તેમ તેમ એ શૂન્ય પર 'હું' નો અહંકાર, 'મારું-તારું' ના સમીકરણો અને અપેક્ષાઓના આકારો રચાવા લાગે છે. આપણે એક આખું સામ્રાજ્ય ઊભું કરી દઈએ છીએ, સંબંધોનું, નામનાનું અને સ્મૃતિઓનું. પીડા ત્યારે શરૂ થાય છે જ્યારે આ સર્જાયેલા આકારોને પકડી રાખવાની જીદ જાગે છે. આપણે ભૂલી જઈએ છીએ કે જે શૂન્યમાંથી આવ્યું છે, તેનો અંતિમ અંજામ પણ શૂન્ય જ છે.

પ્રેમ અને સંબંધોના ધબકારા પણ આ જ સત્યની આસપાસ ફરે છે. જ્યારે બે હૃદય એકબીજાના પ્રેમમાં પડે છે, ત્યારે તેઓ અજાણતા જ પોતાના અહંકારને શૂન્ય કરીને એક નવું સર્જન કરે છે. સાચો પ્રેમ હંમેશાં શૂન્યતા માંગે છે. જ્યાં સુધી તમે અંદરથી ખાલી ન થાઓ, ત્યાં સુધી સામેની વ્યક્તિને તમારામાં સમાવી શકતા નથી. પરંતુ સમય જતાં, એ જ પ્રેમ સંબંધમાં જ્યારે અપેક્ષાઓ, માલિકીભાવ અને ફરિયાદોનું સર્જન થાય છે, ત્યારે એ પ્રવાહ ભારે થઈ જાય છે. કોઈ પૂછે કે પ્રેમમાં સૌથી અઘરું શું છે? તો જવાબ એ જ મળે કે બધું જ ન્યોછાવર કરીને ફરી એકવાર એ જ વ્યક્તિ સામે નિર્દોષ ભાવે 'શૂન્ય' થઈને ઊભા રહેવું. સંબંધો તૂટે છે ત્યારે માણસ વિખરાઈ જાય છે, કારણ કે એ આકારોને છોડીને પાછા એ ભીતરની શાંત શૂન્યતા તરફ વળી શકતો નથી. ભૂતકાળના વળગણો પકડી રાખનારું મન ક્યારેય શૂન્ય નથી થઈ શકતું.

વાસ્તવિકતાના ધરાતલ પર જોઈએ તો, આપણું મન ક્યારેય ખાલી રહેવા ટેવાયેલું નથી. તેને સતત વિચારો, ચિંતાઓ અને અપેક્ષાઓના ઘોડા દોડાવવા ગમે છે. આપણે કાં તો વીતી ગયેલી કાલની ગ્લાનિમાં જીવીએ છીએ અથવા આવનારી કાલની ચિંતામાં. આ બંને પરિસ્થિતિઓ સર્જન છે, વિચારોનું નકામું સર્જન. વર્તમાન ક્ષણમાં જીવવું એ જ અસલી આધ્યાત્મિકતા છે, અને વર્તમાન એટલે જ વૈચારિક શૂન્યતા. જ્યાં કોઈ વિચાર નથી, કોઈ અપેક્ષા નથી, બસ માત્ર એક હોવાનો અહેસાસ છે.

આધ્યાત્મિકતાની દ્રષ્ટિએ શૂન્ય થવું એટલે અકિંચન થવું, બધું જ છોડી દેવું એવું નથી; પણ અંદરથી એટલા હળવા થઈ જવું કે જગતનો કોઈ વૈભવ તમને ભરી ન શકે અને જગતનો કોઈ અભાવ તમને ખાલી ન કરી શકે. શૂન્ય તરફ વળવું એટલે પોતાના અસલ ઘર તરફ વળવું. નદી જ્યારે સાગરમાં ભળે છે ત્યારે પોતાનું નામ, રૂપ અને અસ્તિત્વ શૂન્ય કરીને જ ભળે છે. એ ભળવું કપરૂં એટલા માટે લાગે છે કારણ કે, નદીને પોતાના કાંઠાઓનો મોહ હોય છે.

જો ચિત્તને ખરેખર સ્થિર કરવું હોય, તો આ શ્વાસના આવાગમનને સમજવું પડશે. દરેક શ્વાસ જ્યારે અંદર જાય છે ત્યારે એક નવું સર્જન છે, અને જ્યારે શ્વાસ પૂરો બહાર નીકળી જાય છે ત્યારે એક ક્ષણ માટે બધું જ શૂન્ય થઈ જાય છે. એ બે શ્વાસ વચ્ચેની જે ખાલી જગ્યા છે, જે નીરવ શાંતિ છે, એ જ આપણું સાચું સ્વરૂપ છે.

સર્જનની સુંદરતા માણવી એ સંસાર છે, પણ એ સર્જનના મોહમાંથી મુક્ત થઈને ફરી ભીતરની એ પરમ શૂન્યતા તરફ સહજતાથી વળી જવું એ જ મુક્તિ છે. જ્યારે મન આ સ્વીકાર કરી લે છે, ત્યારે જગતના તમામ કોલાહલ વચ્ચે પણ ચિત્તમાં એક અખંડ સ્થિરતા અને પરમ શાંતિનો અજસ્ર પ્રવાહ વહેવા લાગે છે.

**- કિંજલ પંડયા, પારડી**

## સુખ સગવડથી ભરેલા જીવનના મનની શાંતિ તો કુદરતી પ્રકૃતિમા રહી !!



આપણો માણસો પણ કેવી અજબ પ્રજાતિ છે. શિયાળામાં તડકો જોઈએ, ઉનાળામાં છાંયડો જોઈએ અને ચોમાસામા બારી પાસે ઊભા રહી વરસાદની મજા માણતા હોય છે પણ સાથે વધારે પવન ફૂંકાય તો ધૂળની ચિંતા, વરસાદ વધારે પડે તો કાદવ - કીચડની ચિંતા અને ઠંડી પડે તો બહાર જવાની આળસ. સાચું કહીએ તો પૈસાથી શાંતિ મળતી નથી. જ્યાં જાહોજલાલી, સુખ સગવડો હોવા છતાં આંતરમનના કોઈક ખૂણામાં પડેલો એક વિચાર છે કે જીવનમાં કંઈક તો ખામી છે. પથારી આરામદાયક હોય, ઓરડો એરકન્ડિશન હોય,સંપતિ સાથે બધી જ સુખ સગવડતા હોવા છતાં મન જાણે કોઈ અનામ તરસથી ઉઘાડું જ રહે, ભટકતું રહે કે કાંઈ ખૂટતું રહે. પૈસા સંપતિ જીવનને ટેકો આપે છે

પરંતુ મનનો આધાર ઘણીવાર ખુલ્લું આકાશ, ભીની માટીની સોડમ, પવનની લહેર જે ઘરના આંગણે કે ઓટલે બેઠા કુદરતી પ્રકૃતિથી જ મળે છે. સગવડો - સાધનો વધ્યા છતાં મનની શાંતિ તો પ્રકૃતિમા જ મળે છે. કુદરતે જગતનું સર્જન કરવા પહેલા સાગર, નદીઓ, ઝરણાં, પહાડીઓ, વનસ્પતિઓ અને જંગલના રૂપમાં અનેક સંપતિઓ આપી છે. કુદરતે કરેલી રચના માનવીઓ, અસંખ્ય જીવજંતુઓ અને પશુપક્ષીઓ માટે કુદરતે બક્ષેલી અમૂલ્ય ભેટ છે. જેમા સ્વચ્છતા,શાંતિ, આનંદ,શુદ્ધતા અને પ્રેમ જીવંત હોય છે. ગામડું એટલે માત્ર નકશામાં ચિતરાયેલો વિસ્તાર નથી.ગામડું એટલે શાંત અને અનેરું હોય છે ત્યાં સવાર ધીમે ધીમે ઉતરતી જાયછે.પંખીઓનો કલરવ ગુંજ, સૂર્યના કિરણો ધીમે ધીમે પથરાતા જાય છે. ગાયોના ગળામાં બાંધેલી ઘંટીનો અવાજ હળવેથી વાગે, ચુલ્હામાંથી નીકળતો ધુમાડો ઊગતી ઉષાના કિરણો દિવસના આગમનની શરૂઆત અને આખો દિવસ પસાર થવા દેવો પડે અને સાંજે આઠમતી સંધ્યાએ આકાશનો વિસ્તરતો વિરહ, સૂર્ય ધીમે ધીમે ઢળી રહ્યો છે. ઢળતી સાંજનો મધુર પ્રકાશ માણવો, ખેતરની માટી દિવસના તાપ પછી સહજ સુવાસ મહેંકાવતી હોય છેત્યારે આખા દિવસની દોડધામ બાદ માણસ થાકેલો સોફા પર આરામ કરે પણ મન હજુ આખા દિવસની દોડધામમા પરોવાયેલું રહે છે. દોડતું રહે રહે છે. ક્યાંક કંઈક મેળવવા, કંઈક સાબિત કરવા. ઝડપી યુગમાં આપણું જીવન હવે ઝડપી બની ગયું છે પણ હવે એ મનની શાંતિ માટે પણ થોડો સમય કાઢવો પડે, માણસને માત્ર આરામ જ નહી, લય પણ જોઈએ.માત્ર આવક જ નહી, આંતરિક અવકાશ પણ જોઈએ. પ્રકૃતિ આપણને થોભવાનું શીખવે છે.

ધીમે થવાનું, રાહ જોવાનું અને પરિપકવતા માટે સમયને માન આપવાનું શીખવે છે. કુદરતનો નિયમ જ એવો છે કે શ્રેષ્ઠ રચના ઉતાવળમા સર્જાતી નથી. શ્રેષ્ઠ સર્જનનું સાચું મૂલ્ય સમય છે. સાચું કહીએ તો પૈસા વિશેનો આપણો વિચાર પણ ઉલટસુલટ છે. સગવડો, સાધનો અને સંપતિ હોવા છતાં શાંતિ મળતી નથી. પ્રકૃતિ વચ્ચે ઉભા રહીને આપણને ઘણીવાર એવું લાગે છે કે ધરતી પર જે કંઈ સહજ, સુંદર, અને શાંત છે તે મનની શાંતિ માટે ઘણીવાર ખુલ્લું આકાશ, પવનની લહેર, ઘૂંઘવાત કરતો સમુદ્ર, ખડખડ વહેતા ઝરણાં, ભીની માટીની સુગંધ અને જંગલના વૃક્ષોનું દ્રશ્ય આપણને ભાવવિભોર બનાવશે.

**- ચંદ્રકાંત પ્રભાકર, મગોદ ડુંગરી**

## નકલી પ્લાઝમા કૌભાંડ




નકલી શબ્દ જાણે આપણા રોજબરોજના જીવનમાં વણાઈ ગયો હોય એવું લાગી રહ્યું છે. હવે તો હદ થઈ ગઈ ! એવું ખૂબ જ સાહજીકપણે બોલાઈ જાય છે. અમદાવાદ ગ્રામ્ય પોલીસે નકલી પ્લાઝમા કૌભાંડ પકડીને સૌને ચોંકાવી દીધા છે. માનવતાની ભાવનાથી સ્વૈચ્છિક રક્તદાતાઓ અમૂલ્ય રક્તનું દાન કરતા હોય છે. અમદાવાદમાં નકલી બ્લડ પ્લાઝમા રેકેટનો પડદાફાશ સમાચાર વાંચીને હૃદય જાણે એક ધબકારો ચૂકી ગયું. બિચારા જીવનમરણ વચ્ચે ઝોલા ખાતા દર્દીઓના જીવ સાથે ખતરનાક ખેલ ખેલાઈ રહ્યો હોય એવું લાગે છે. પોલીસ દ્વારા જે તપાસ કરવામાં આવી તેમાં અનેક ચોંકાવનારી વિગતો બહાર આવી છે. સરકાર દ્વારા બ્લડ બેંકોની નિયમિત તપાસ કરવામાં આવતી હોવા છતાં પણ આવા બનાવો બને એ શરમજનક બાબત છે. નકલી બ્લડ અને પ્લાઝમાનો જ્યારે ગેરકાયદેસર વેપાર શરૂ થઈ જાય છે ત્યારે દર્દીઓ માટે તે ખતરનાક નીવડી શકે છે અને દર્દી મોતના મુખમાં ધકેલાઈ જાય છે.

પ્લાઝમા યુનિટમાં સેલાઈન ભેળવીને નકલી પ્લાઝમા તૈયાર કરવામાં આવે છે કે, જે દર્દી માટે જીવલેણ નીવડી શકે છે. લોકોના આરોગ્ય સાથે ખેલાઈ રહેલો ખેલ સત્વરે બંધ થાય એ જરૂરી છે. રક્તદાતાઓ જ્યારે નકલી બ્લડ અને પ્લાઝમાના સમાચાર અખબારમાં વાંચે છે ત્યારે સ્વૈચ્છિક રક્તદાતાઓની ભાવનાને ઠેસ પહોંચે છે. નકલી ચીજવસ્તુ, નકલી વ્યક્તિ નકલી, નકલી સંસ્થાની જેમ નકલી બ્લડ બેન્ક ચાલતી હોય અને એના દ્વારા નકલી પ્લાઝમા સપ્લાય કરવામાં આવતું હોય ત્યારે એવો પ્રશ્ન થાય છે કે પ્રજાએ નકલીથી સાવધાન નહીં પરંતુ નકલીથી ટેવાઈ જવાની ટેવ પાડવી પડશે. નકલી પ્લાઝમા કૌભાંડ એ માનવતાના લોહીમાં ભળેલા ઝેર સમાન છે.

**-ડો. જે. એમ. નાયક, નવસારી**

## કુદરતની મહેર, માનવની લીલા લ્હેર



કુદરતના નિયમિત ક્રમ સામે એક ક્ષણનો પણ ફેરફાર થતો નથી. પ્રકૃતિના નિયમો અતૂટ છે. શિયાળો, ઉનાળો અને ચોમાસુ એની ક્રમવાઈઝ ફરજ માંથી કયારે ચુકતુ નથી. ચૂકે તો પૃથ્વી ઉપર હાહાકાર મચી જાય છે. દિવસ અને રાત પછી પ્રહરની તો વાત આવે છે. એક સેકન્ડ કે મિનિટનો પણ ફેર પડતો નથી. સૂર્યનારાયણ સવારે ઉદિત થાય છે એક પળ નો પણ નિયમમાં ફેરફાર થતો નથી અને સુરજ મહારાજ મોડા પડે તો પુનઃધરતી પર ચોર બકરો હલચલ મચી જાય. બધુ જ નિયમિત થતુ રહે છે. કુદરતની વ્યવસ્થામાં સુરજ હોય કે ચદ્રમા પવન હોય કે વાયુ કઈની મન મરજી ચાલતી નથી. પોતપોતાની ગજબની ફરજ બજાવે છે. ચાલુ વર્ષે હવામાન ખાતાની આગાહી મુજબ ભારે તીવ્ર ગરમીનો ઉકળાટનો આપણને અહેસાસ થયો. ત્રાહીમામ પોકારી ગયા મનુષ્યથી માંડી દરેક જીવાત્મા કેટલીક પ્રવર્તીય પહોડી વિસ્તારમાં પાણી માટે ભારે તકલીફ પડી. તરસ છીપાવવા પશુ પંખી પણ જાણે કે દુર દુર ઉડતાં જોવા મળ્યા જગતમાં સર્જન હારની આ લીલા નહીં તો બીજુ શુ ? વિજ્ઞાન ભલે આગેકૂચ કરે પરંતુ ઈશ્વરીય તત્વો જેવી કોઈ ગેબી રહસ્યમય વસ્તુઓ તો દુનિયામાં છે જ. જુન મહિનો વરસાદ વિહોણો પસાર થઈ ગયો. હવે અવિરત વણથંભી વરસાદની હેલી ચાલુ થઈ છે. જે ઉપરવાળા રચનાકારની મહેરબાની નહીં તો બીજુ શું ? હવે પ્રભુની મહેર છે નારેશ્વરના સંત શ્રી રંગ અવધૂત લખે છે એમના ગુરુલીલામૃત ગ્રંથમાં લખે છે કે

*"માગ્યો વરસે મેહ ને થાએ લીલા લ્હેર,*
*મંગલકાર્યો ઉત્સવો થાએ ઘેરે ઘેર"*
*વહે સૂર્ય નૂતન દિને, પૃથ્વી આપ વાત્યાંય,*
*કહે જ્ઞાનજન જગતને ફળ મધ્યમ તો થાય'*

હવે મેઘની અવિરત ધારા વરસી રહી છે. સંસાર ભરમાં ખુશી આનંદનો માહોલ છે. મગલકાર્ય, ઉત્સવો હવે તો શ્રાવણમાં ઘેર ઘેર થશે. કુદરતની મહરે માનવની લીલા લહેર.

**-રાયસીંગ ડી. વળવી, ધરમપુર**

## જીવતા રહેવું પણ જરુરી છે !



જીવન આ સમયે જીવનને કેટલું સસ્તુંબનાવી દીધું છે કે, એની કિંમત જ વિસરાઈગઈ છે.એક સમયે કોઈનું નિધન થઈ જતું તો આખા ગામમાં શોક વ્યાપી જતો... પરિવાર ને સગા સંબંધી તો ઠીક પણપાડોશીપણ શોક પાળતા. ગામમાં કોઈ એકનું દુઃખ આખા ગામની દુઃખબની જતું. એમાંય કટાણે મૃત્યુ આવે એની વેદના તો પારકા પણપારખી જતા. આજ દેશની પ્રજા આજે એટલી હદે સંવેદનહીન બનીગઈ છે કે, દુઃખમાં ભાગ લેવાનું તો દૂરબીજાને દુઃખી કરી ખુદને મોટી તોપ સમજી વિકૃત આનંદ લેતા હોય છે.


આપણે ત્યાં કહેવત છે, ઘરડાગાડા વાળે જે આજે ઘરડાદાટ વાળે એમ કહીએ તો અતિશયોક્તિ નથી. કારણકે, સમજદાર વ્યક્તિ વૃદ્ધહોય શકે, પણ દરેકવૃદ્ધ અને પાકેલી ઉંમરનું માણસસમજદાર હોય એ જરુરી નથી. કારણકે, ઈર્ષ્યાળુ, લોભી, દંભી, લાલચી , જુઠ્ઠા અને આખા ગામની પંચાત કરવાવાળા પંચાતિયા પણઘરડાથતા હોય છે. હું આજે પણભોળામનનાવડીલ અને વૃદ્ધોને સમાજનેપરિવાર સમજતા જોવ ત્યારે મનમાં અપાર શ્રદ્ધા અને સન્માનઉભરી આવે છે અને આવા શુધ્ધાત્મા વડીલો થકી સમાજ આજે અડીખમ ઉભો છે. બીજી તરફભણેલ પ્રગણેલ અને ઈર્ષ્યાથી તરબોળ પંચાતિયા પાકેલા પાંદડાં સમાજમાં જગદેખાવ કરવામાં આવે ફં. ૧ હોય છે.એના કારણે જ પૃથ્વી એની ધરી પરફરે છે અને એના કારણે જ સૂર્ય સવારે સમયે ઉગે ને સાંજેઅસ્ત થાય છે. અરે ! આ મહાનુભાવોના કારણે તો ટેલિકોમ કંપનીઓનો રોટલોચાલે છે, કારણકે પોતાનો કીમતી સમય આખા ગામની પંચાત કરવામાં અર્પણ કરનારા લોકો ખરેખર તામ્રપત્રના અધિકારી છે. આટલા વ્યસ્ત જીવનમાં જ્યાં માણસપાસે ખુદના માટેસમય નથી, ત્યાં કોણ ક્યાં ક્યારે શું કરી રહ્યું છે,કોના ઘરમાંશું ચાલીરહ્યું છે,કોની પાસે કેટલી સંપત્તિ છે પગાર છે કે કોણ હજી બે ટંકના રોટલા માટે ફાંફા મારે છે... આ બધી માહિતી તોસમાચારપત્રો કે ન્યૂઝ ચેનલ પાસે પણ ના મળે, જે બીજાની જિંદગીમાં માથું મારવાવાળા પંચાતિયા ખહુરિયા કરતા હોય છે.

આ લોકો ખુદ ભલે કીચડમાં ખરડાયેલા હોય, પણ ઊંટના અઢાર અંગ વાંકાએ રીતે ગામની જીંદગીમાં મંથરા ને શકુનિના જીવંત પાત્ર ભજવતા હોય છે.આ લોકો ક્યારેય બીજા લોકોને માણસસમજતા જ નથી. મિથ્યાભિમાનમાં અને બેમોઢારી વાતો કરતાં લોકો ખાલી સારીવાતો જ કરી શકે, બીજાના દુઃખદૂર કરવાને બદલે ઈર્ષ્યાના ધીમા ઝેરથી માણસનેમારી નાખે ને પછી નકલી આંસુડા સારે ત્યારે મગરપણ એની સામે કાચો પડે.

હવે આવા બેમોઢારા અને સ્વાર્થી પંચાતિયા લોકોને કારણે જ સમાજ માનવતાહીન બની રહ્યો છે. સારાલોકોની સરખામણીમાં આવા હરામી લોકોની સંખ્યા દિવસે ને દિવસે વધી રહી છે.એક સમયે ગંભીરબીમારી કે આકસ્મિક ઍક્સિડન્ડકે ઉંમરના લીધે જીવ દુનિયામાંથીવિદાયલેતો પણ આજે આવા લોકોના ત્રાસ અને ટોળકીની ચાલાકીની સામે નિર્દોષ જીવો જીવન ટૂંકાવી રહ્યા છે. એટલું ઓછું હોય એમ ભ્રષ્ટાચારથી તરબોળ વહીવટી તંત્ર અને સરકારના સહિયારા પ્રયાસોથી માણસઘરની બહાર નીકળી કામ પર જાય ત્યારે ઘરે પાછો આવશે કે નહી એની ગેરંટી રહી નથી.એક સમયે આતંકવાદી બોમ્બ બ્લાસ્ટના કારણે માસૂમ જીવોની બલી ચડતી ને આજે ઠેર ઠેર તૂટી રહેલા બ્રિજ, હાઈવે, રોડરસ્તા, ઘરની પાસે યમરાજના સગા બનેલા મોટા ખાડા ને વરસાદને કારણે એમાં ભરાતા પાણીતેમજ ભૂર્ગભ ગટરની કથળેલી સ્થિતિમાંમાણસ જીવતો રહેશે કે , કાળનો કોળિયો બની જશે એની ખબર નથી રહેતી . આ સમયે એક વાત ગાંઠે બાંધીલ્યો, કોઈ પણ ચીજમાણસના જીવનથી વધુ કિંમતી કે મહત્ત્વની નથી. એક દિવસ જીવનું જોખમ ખેડી કામ પર નહીં જાવ તો એક દિવસની દહાડી જશે પણ જીવતા રહેશો તોપછીપણ કમાઈ શકશો તમારા ઘર અને પરિવાર માટે તમેંસૌથી કિંમતી છો. લોકોનેજોઈને જીવવા જશો તો મર્યા પછીપણ મ્હેણાં ખાવા પડશે. એનું ઉદાહરણ આપણે રોજબરોજની ક્રાઈમ ન્યૂઝમાં જોવા મળે છે. માટે જીવતા રહો, ખુશ રહો ને સ્વસ્થરહો, બાકીદુનિયાએ ભગવાનને દુઃખી કરાવામાં કસર ન્હોતી રાખી તો સામાન્ય માણસ પાસે સત્ય અને માણસાઈ અને હિંમત જેવા આત્મબળથી જીવી લેવું ભગવાનનીકૃપા છે.

**- નીતા પી.જાદવ**

## પૈસા વિના પાંદડું પણ ન હલે



આજના યુગમાં પૈસો એ મનુષ્યની પ્રકૃતિનો, પ્રવૃતિઓનું પ્રમુખ કેન્દ્ર છે. માણસને વિકેન્દ્રી કરી મૂકે એવું. આપણે ત્યાં એમ કહેવાતું હતું કે, ઈશ્વરની ઈચ્છા વિના પાંદડું પણ ન હલે. હવે કદાચ એમ પણ કહેવાય કે પૈસા વિના પાંદડું પણ ન હલે. જીવવા માટે છે એની ના નહીં, પણ કેવો અને કેટલો પૈસો એનો જવાબ જો દરેક માણસો શોધે અને જવાબ શોધ્યા પછી સમજણપૂર્વક એને વળગી રહે તો સમાજમાં અમીર અને ગરીબ વચ્ચે આટલી મોટી ખાઈ ન રહે. ધન એ સાધન છે પણ સાધન એ સર્વસ્વ નથી. પૈસાની બાબતમાં અલ્પ માણસો સંતોષી હોય છે. એની ભૂખ કદી ભાંગતી નથી. ભીખ માટે દ્રશ્ય અને આ દ્રશ્ય હાથ ફેલાયેલાં જ હોય છે. પાંચ હજાર સ્કવેરફૂટનો ફલેટ હોય તો સાત કે દસ હજારનો જોઈએ. ઉપરાંત તમ ક્યાંક બંગલો પણ જોઈએ. અનેક ગાડીઓ હોય પણ માણસ બેસે તો માત્ર એક જ ગાડીમાં. જરૂરિયાત અને વૈભવ વચ્ચેના ભેદ હંમેશા હોય જ છે. પણ એ આટલો મોટો ન હોવો જોઈએ. સ્વિમિંગ પૂલમાં તરતા તરતા દુષ્કાળગ્રસ્ત વિસ્તારની વાત કરવી અને નિષ્ક્રિયપણે જીભદયા દાખવવી અને જીવ દયાને ભૂલી જવી, એના જેવી વિચિત્ર અને વાહિયાત કોઈ વાત નથી. કોઈકે મજાકમાં એવું પણ કહ્યું છે કે, ઈશ્વરને પૈસા વિષે કેવો ખ્યાલ છે એનો અંદાજ તો એ કેવાં માણસોને પૈસા આપે છે એના પરથી આવે. પૈસો તો છે પણ લક્ષ્મી કે મહાલક્ષ્મી ક્યાં છે? વૈભવ છે ઐશ્વર્ય ક્યાં છે? બધું જ છે પણ સંતોષ ક્યાં છે? એક કહેવત છે પૈસો બોલે છે ત્યારે સત્ય ચૂપ રહે છે આર્થિક સ્વતંત્રતા હોવી જ જોઈએ પણ આર્થિક સ્વચ્છંદતા તો તો નહીં. પૈસો એ આબેહૂબ સેક્સ જેવો છે ન હોય ત્યારે એનો જ વિચાર કરીએ છીએ અને હોય છે ત્યારે બીજા કશાકનો. શ્રીકૃષ્ણએ કહ્યું છે કે, કળિયુગમાં ઈશ્વરથી પણ મોટો પૈસો થઈ જશે. વડીલોની આગળ બુદ્ધિહીન પૈસાવાળાનું મહત્વ વધી જશે. પૈસાથી જ સંબંધો બનશે અને પૈસાથી જ સંબંધો બગડશે. મિત્રો! સંપત્તિ ભરપૂર હોવા છતાં સાદુ રહેવું. ક્રોધ હોવા છતાં શાંત રહેવું. આજ જીવનનું મેનેજમેન્ટ છે.

**- અશરફ ચુડાસમા, ભીલાડ**

## ભવિષ્યનો ધર્મ વિશ્વબંધુત્વ



જો ધરતીના બધા મનુષ્યો કલેશમાંથી મુકત થઈ જાય, તેમના કષ્ટોમાથી જો મુકિત મેળવી લે તો શું થાય ? થશે એવું કે તેઓ જે કાંઈ કરશે તે વિવેકપૂર્વક કરશે. અંતરાત્માના અવાજઅનુસાર કરશે. યોગ્ય ઉદેશથી કરશે. તેમના બધા કાર્યો કરુણા, ઉદારતા અને આત્મીયતાથી યુકત હશે. અને પ્રગતિશીલ હશે.

આવી જ ઉદાર આત્મયીતા જયારે ધરતીના ખૂણે ખૂણે સુધી વ્યાણી જશે ત્યારે ધરતીને સ્વર્ગ બનતા વાર નહીં લાગે. પછી મુનષ્યમાં દેવત્વના વિકાસનું કાર્ય પુરેપુરી ગતિથી આગળ વધશે. અને માનવજીવનની વર્તમાન સમસ્યા તથા મુશ્કેલીઓ બધેથી સમાપ્ત થઈ જશે. વર્તમાનયુગની બધી જ સમસ્યાઓનું કારણ માણસનો અહંકાર છે. અને એ અહંકારનું શુદ્ધિકરણ કરવુ તથા તેને દુર કરવો એ આધ્યાત્મનો વિષય છે.

જયારે અહંકાર ધર્મમાંથી રાજનિતી વિજ્ઞાનમાંથી અને બીજા બધા શૈત્રોમાંથી ખંડિત જોવા મળશે ત્યારે મનુષ્યોમાં બધા ગુણો કૌશલ્ય તથા આત્મીયતા પેદા થવા દ લાગશે. આજ તેના બધા પ્રયોજનોને ઉદશ્યપૂર્ણ બનાવીને તેની ભાવસંવેદનાને માનવકલ્યાણના બુહદ લક્ષ્ય તરફ વાળીદશે. એનાથી આજના સમાજને જેને સૌથી વધારે જરુર છે એવું પરિણામ પ્રાપ્ત થશે. આ એક સર્વભોમ સત્ય છે કે જયારે વિજ્ઞાનના ક્ષેત્રમાં યંત્રો, તથા સાધનો એક નવા ઉદેશથી બનવા લાગશે જેમા બધી સગવડો મનુષ્યની ભૌતિક ઉન્નતિ માટે જ નહીં, પરંતુ તેના આત્મિક વિકાસમાં મદદ કરવા માટે બનશે.ત્યારે મનુષ્યમાં આપોઆપ જ અંતઃ પ્રજ્ઞાનો વિકાસ થવા લાગશે.

મનુષ્યની દિવ્યતાનો સંદેશ એક જન આંદોલનનું સ્વરૂપ ધારણ કરશે . આજે તે લોકો કોઈને કોઈ અભિયાન સંભાળી રહ્યાં છે. તેઓ બધા આ આંદોલનમાં જોડશે આસુરી પ્રવૃત્તિઓનું રમન થશે. આંદોલનનું નેતૃત્વ કરનારા લકોની ખ્યાતિ ભવિષ્યમાં યુગને તૃત્સ કરનારાઓ તરીકે ફેલાશે. મનુષ્યની દિવ્યતાનો સંદેશ એક જનઆંદોલનનું સ્વરૂપ ધારણ કરશે. આજે તે લોકો કોઈને કોઈ અભિયાન સંભાળી રહ્યા છે. તેઓ આ બધા આંદોલનમાં નેતૃત્વ કરનાર લોકોની ખ્યાતિ ભવિષ્યમાં યુગને નેતૃત્વ કરનારાઓ તરીકે ફેલાશે. ઉજવળ ભવિષ્યના માર્ગમાં સૌથી મોટો અવરોધ મનુષ્યનો અહંકાર છે.

પરંતુ તે જયારે નષ્ટ થઈ જશે ત્યારે આપણે જે ઉજ્જવળ ભવિષ્યની કલ્પના કરી રહ્યાં છીએ એવા ઉત્કૃષ્ઠ પરિણામો અવશ્ય જોવા મળશે. જીવનની બધી સમસ્યાઓનું મૂળ મનુષ્યનો સ્વાર્થ તથા અહંકાર જ છે. તેમને મનુષ્યના મનમાથી દુર કરી દેવા એ જ ભવિષ્યમાં માનવજાતિનું એક માત્ર ધ્યેય રહેશે.. જયારે વર્તમાનની વિષય પરીસ્થતિમાં આપણને એક ઉજ્જવળ ભવિષ્યની સંભાવના દેખાશે. ત્યારે બધા જ કાર્યો એ જ ઉદેશ માટે થશે. એનાથી આપણુ જીવન ઉન્નતિશીલ બનશે અને લોકો આત્મિક પ્રગતિના માર્ગે આગળ વધતા જોવ મળશે.

**- હર્ષદ દેસાઈ, વટાર**

## એક સામૂહિક જવાબદારી



આજના સમયમાં જ્યારે આપણે મહિલાઓની સુરક્ષા અને તેમના અધિકારોની વાત કરીએ છીએ, ત્યારે સમાજમાં ઘણી પ્રકારની માન્યતાઓ અને ચર્ચાઓ ઉભરી આવે છે. તેમાંથી એક અત્યંત વિવાદાસ્પદ અને તર્કહીન તર્ક એ છે કે મહિલાઓ સાથે થતી જાતીય હિંસા કે બળાત્કારની ઘટનાઓ માટે તેમનો પોશાક જવાબદાર છે. આ વિચાર માત્ર અતાર્કિક જ નથી, પરંતુ તે જાતીય અપરાધો પાછળના વાસ્તવિક કારણોને છુપાવવાની અને પીડિતને જ દોષિત ઠેરવવાની એક ખતરનાક વૃત્તિ છે.

તે સમજવું અનિવાર્ય છે કે જાતીય અપરાધોનો કપડાં સાથે કોઈ સંબંધ નથી હોતો. અપરાધ એ એક વિકૃત માનસિકતાનું પરિણામ છે, નહીં કે કોઈના વસ્ત્રોનું. સમાજશાસ્ત્રીય અને મનોવૈજ્ઞાનિક અભ્યાસોથી એ સ્પષ્ટ છે કે જાતીય હિંસા સત્તા, નિયંત્રણ અને ગુનેગારની દમિત ઈચ્છાઓથી પ્રેરાયેલી હોય છે.

જો પોશાક જ કારણ હોત, તો એવા બાળકો, વૃદ્ધો અને પરંપરાગત પોશાક પહેરતી મહિલાઓ સાથે અપરાધ કેમ થાત, જેમના પ્રત્યે સમાજ સંપૂર્ણપણે સંવેદનશીલ રહે છે? ગુનેગાર માટે મહિલાનો પોશાક નહીં, પરંતુ તેની પોતાની નબળાઈ અને અપરાધ કરવાની વૃત્તિ મહત્વની હોય છે. કપડાં પર ચર્ચા કરીને આપણે અજાણતા જ ગુનેગારને નિર્દોષ સાબિત કરી રહ્યા છીએ અને સમગ્ર જવાબદારી મહિલાના ખભા પર નાખી રહ્યા છીએ.જ્યારે આપણે પહેરવેશ પર આંગળી ઉઠાવીએ છીએ, ત્યારે આપણે વાસ્તવમાં પીડિતને જ દોષી ઠેરવી રહ્યા હોઈએ છીએ.

આ સમાજની એક એવી માનસિકતા છે જે ગુનેગારના અપરાધને ઓછો કરી દે છે અને મહિલાને એવું અનુભવવા મજબૂર કરે છે કે તે પોતે સુરક્ષિત રહેવામાં નિષ્ફળ રહી છે.

તેના પરિણામો અત્યંત ઘાતક છે. ગુનેગારનું મનોબળ વધે છે કારણ કે તેને લાગે છે કે સમાજમાં તેને બચાવવા માટે તર્ક ઉપલબ્ધ છે. પીડિત મહિલાઓ ડરના કારણે ન્યાય માંગતા અચકાય છે, કારણ કે તેઓ જાણે છે કે ન્યાયને બદલે તેમના ચારિત્ર્ય અને પહેરવેશ પર સવાલો ઉઠાવવામાં આવશે. આપણે આપણી દીકરીઓને ઘરની બહાર નીકળવા માટે ડ્રેસ કોડ શીખવી રહ્યા છીએ, જ્યારે ખરેખર આપણે તેમને એક અસુરક્ષિત સમાજમાં જીવતા શીખવવું પડી રહ્યું છે. આ કોઈ ઉકેલ નથી, આ તો પોતાની હાર સ્વીકારવા જેવું છે.

જાતીય હિંસાને રોકવા માટે કપડાં પર પ્રતિબંધ મૂકવો કે તેને નિયંત્રિત કરવો એ ક્યારેય ઉકેલ હોઈ શકે નહીં. ઉકેલ આપણા સમાજના પાયામાં છે.

બાળપણથી જ છોકરાઓને એ શીખવવું અનિવાર્ય છે કે ના નો અર્થ ના જ થાય છે, ભલે સામેની વ્યક્તિ કોઈ પણ હોય અને તેણે કંઈ પણ પહેર્યું હોય.

સંમતિનું સન્માન કરવું એ જ સ્વસ્થ સંબંધોનો પાયો છે. મહિલાઓને ભોગવવાની વસ્તુ તરીકે જોવાની બદલે તેમને એક સ્વતંત્ર અને સન્માનિત વ્યક્તિ તરીકે જોવી એ જ એકમાત્ર સાચી દ્રષ્ટિ છે. કપડાંની ચર્ચા પરથી ધ્યાન હટાવીને આપણે આપણી ઉર્જા કાયદાના અસરકારક અમલીકરણ પર લગાવવી જોઈએ. જ્યારે ગુનેગારને ખબર હશે કે સજા નિશ્ચિત છે અને કાયદાનો ગાળિયો ખૂબ સખત છે, ત્યારે જ અપરાધોના દરમાં ઘટાડો આવશે. તપાસ પ્રક્રિયાને પીડિત-કેન્દ્રિત બનાવવી પડશે જેથી રિપોર્ટિંગ દરમિયાન પીડિતને ફરીથી માનસિક ત્રાસ ન ભોગવવો પડે.

એક પ્રગતિશીલ અને સભ્ય સમાજની ઓળખ એ છે કે ત્યાં દરેક વ્યક્તિને પોતાની પસંદગીનું જીવન જીવવાની અને પોતાની પસંદગીના વસ્ત્રો પહેરવાની પૂર્ણ સ્વતંત્રતા હોય. કોઈને પણ એ અધિકાર નથી કે તે બીજાના પહેરવેશને આધારે તેની ગરિમા પર હુમલો કરે. જો આપણે આપણી દીકરીઓને બહાર નીકળતી વખતે કપડાંના નિયમો શીખવી રહ્યા છીએ, તો આપણે તેમને એ સંદેશ આપી રહ્યા છીએ કે આ દુનિયા તેમના માટે નથી.

આનાથી વિપરીત, આપણે આપણા દીકરાઓને શીખવવું પડશે કે એક સભ્ય પુરુષ કેવી રીતે બનવું અને બીજાની સ્વતંત્રતાનું સન્માન કેવી રીતે કરવું.

અંતમાં, આ સમય છે કે આપણે કપડાંને દોષ આપતી આ સંકુચિત વિચારસરણીમાંથી બહાર નીકળીએ. જાતીય હિંસાની સંપૂર્ણ જવાબદારી માત્ર અને માત્ર ગુનેગારની જ છે.

એક જાગૃત સમાજ તરીકે આપણી ફરજ છે કે આપણે એક એવું વાતાવરણ બનાવીએ જ્યાં મહિલાઓની સુરક્ષા અને તેમની ગરિમા સર્વોપરી હોય, નહીં કે તેમના પોશાક પર કોઈ ચર્ચા થાય.

બદલાવ બહારથી નહીં, પણ ઘરની વિચારસરણીથી શરૂ થાય છે. જ્યાં સુધી સમાજ મૌન રહેવાને બદલે આ કુતર્કો વિરુદ્ધ અવાજ નહીં ઉઠાવે, ત્યાં સુધી સાચા અર્થમાં બદલાવ લાવવો મુશ્કેલ હશે. ન્યાય, સમાનતા અને સુરક્ષા જ આપણા ભવિષ્યનો આધાર હોવો જોઈએ.


**- અંજલિ પ્રજાપતિ, પારડી**

Thursday 09, July 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# સ્થાનિક સમાચાર

## મધુબનમાંથી ૨.૪૦ લાખ ક્યુસેક પાણી છોડાયું



### દાનહમાં સતત બીજા દિવસે શાળા-કોલેજોમાં રજા : અથાલ બ્રિજનું જળસ્તર ચેતવણી સપાટીની નજીક, તંત્ર એલર્ટ પર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૭ :** ઉપરવાસમાં સતત વરસાદને કારણે મધુબન ડેમમાં પાણીની આવકમાં ભારે વધારો થયો છે. વધતી આવકને ધ્યાનમાં રાખીને ડેમમાંથી છોડાતા પાણીની માત્રા વધારી દેવામાં આવી છે. સંભવિત પૂર જેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દાદરા અને નગર હવેલી જિલ્લા પ્રશાસને તમામ શાળા અને કોલેજોમાં સતત બીજા દિવસે પણ રજા જાહેર કરી છે. રીજનલ ફલડ કંટ્રોલ સેલ, વલસાડના અહેવાલ મુજબ બુધવારે સવારે ૭.૩૦ વાગ્યેથી મધુબન ડેમમાંથી ૨.૪૦ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું હતું. તે સમયે ડેમમાં ૨,૬૩,૬૯૧ ક્યુસેક પાણીની આવક નોંધાઈ હતી. ડેમનું જળસ્તર ૭૩.૨૦ મીટર સુધી પહોંચ્યું હતુ જ્યારે જીવંત જળસંગ્રહ ૧,૭૧,૦૩૩ એમસીએફટી નોંધાયો હતો. અધિકારીઓના જણાવ્યા મુજબ ગુજરાત અને મહારાષ્ટ્રના ઉપરવાસમાં વરસી રહેલા ભારે વરસાદને કારણે પાણીની આવક સતત વધી રહી છે. થોડા કલાકોમાં જ પાણીની આવકમાં ભારે ઉછાળો આવતા ડેમમાંથી છોડાતા પાણીમાં લગભગ પાંચ ગણો વધારો કરીને ૨.૪૦ લાખ ક્યુસેક કરવામાં આવ્યો હતો. આ અગાઉ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સેલના અહેવાલ મુજબ સવારે ૮થી સાંજે ૫ વાગ્યા દરમિયાન સિલવાસામાં ૧૭.૮ મીમી અને ખાનવેલમાં ૨૧ મીમી વરસાદ નોંધાયો હતો. બીજી તરફ આથલ બ્રિજ ખાતે પાણીનું સ્તર ૨૮.૯૦ મીટર નોંધાયું છે, જે ૨૯.૦૦ મીટરના ચેતવણી સ્તરથી માત્ર ૧૦ સેન્ટીમીટર નીચે છે. આથી દમણગંગા નદી અને નીચાણવાળા વિસ્તારો પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

સાવચેતીના ભાગરૂપે તમામ શાળા અને કોલેજોમાં રજા જાહેર કરી છે. કોઈપણ ઈમરજન્સીનો સામનો કરવા માટે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમોને સ્ટેન્ડબાય પર રાખવામાં આવી છે અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન વિભાગ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યો છે. પ્રશાસનના જણાવ્યા મુજબ હાલ સ્થિતિ નિયંત્રણમાં છે, પરંતુ ઉપરવાસમાં વરસાદ ચાલુ રહેશે તો ડેમમાંથી છોડાતા પાણીની માત્રામાં વધુ વધારો થઈ શકે છે. તેથી નાગરિકોને અફવાઓથી દૂર રહી સત્તાવાર સૂચનાઓ પર જ વિશ્વાસ રાખવા અને જરૂર પડે ત્યારે જિલ્લા ઈમરજન્સી કંટ્રોલ રૂમ અથવા સ્થાનિક તંત્રનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

## જિલ્લામાં મેઘરાજાએ વિરામ લીધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** વલસાડ જિલ્લામાં મેઘરાજા પાંચ દિવસથી જિલ્લાને ઘ ઘમરોડિયા બાદ આજે બુધવારે સવારથી સાંજ સુધી મેઘરાજા વિરામ લેતા વાહન ચાલકો અને રહીશોને મોટી રાહત મળી છે. જ્યારે ગઈકાલે રાત્રે ઉપરવાસના ધરમપુર અને કપરાડામાં મુશળધાર વરસાદ પડતા વલસાડની ઔરંગા અને વાંકી નદી બે કાંઠે વહી હતી. જોકે આજરોજ બપોરે વલસાડની ઔરંગા નદીમાં ઉપરવાસના પાણી તેમજ ભરતીના પાણીના કારણે લેવલ વધતા બપોરે વલસાડ ખેરગામ રોડ બંધ કરી દેવામાં આવ્યો હતો. વલસાડ જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી મેઘરાજા પોતાની ધમાકેદાર ઈનિંગ રમી રહ્યા હતા. જિલ્લામાં મેઘરાજા મન મૂકી વરસી પડતા ચેકડેમ, નદી,નાળા, ખેતરો છલકાય પડ્યા હતા. જ્યારે તમામ તળાવમાં પાણીનો ભરાવો થતા ખેડૂતોને અને રહીશોને મોટી રાહત મળશે. આજે રાત્રે ૮ વાગે જિલ્લામાં તાલુકાવાર વરસાદની પરિસ્થિતિ જોઈએ તો કુલ મોસમનો વરસાદ વલસાડમાં ૮૬૧ મીમી, ધરમપુરમાં ૫૫૯ મીમી, પારડીમાં ૭૭૫ મીમી, કપરાડામાં ૮૮૫ મીમી, ઉમરગામમાં ૮૬૯ મીમી, વાપીમાં ૮૩૬ મીમી અને નાનાપોંઢામાં ૬૩૨ મીમી મળી કુલ જિલ્લાનો માસમનો વરસાદ સરેરાશ ૭૭૩.૮૬ મીમી જેટલો નોંધાયો છે.

## રેડ એલર્ટમાં સંકલનના અભાવે ડુંગરી પ્રા. શાળા ચાલુ રહેતાં ચર્ચા

### એક તરફ કલેક્ટરનો રજાનો આદેશ અને બીજી તરફ શિક્ષણ અધિકારીનો શાળા ચાલુ રાખવાનો આદેશ !





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** વલસાડ જિલ્લામાં ભારે વરસાદ અને રેડ એલર્ટ હોવાથી જિલ્લાની તમામ શાળા કોલેજ આંગણવાડી આઈ.ટી.આઈ બંધ રાખવાનો કલેકટરે આદેશ કર્યો ત્યારે વલસાડ જિલ્લા પંચાયત સંચાલિત પૂર્વ વિભાગ ડુંગરી સ્ટેશન શાળા પીએમ ગુજરાત નામની પ્રાથમિક શાળાને શિક્ષકે શાળા ચાલુ રાખવામાં આવતા ચર્ચાનો વિષય બન્યો છે. શાળાના આચાર્યોએ આ બચાવમાં જણાવ્યું હતું કે, તેમને તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા શાળાઓ ચાલુ રાખવાના મૌખિક કે લેખિત આદેશ મળ્યા હતા. એક તરફ કલેક્ટરનો રજાનો આદેશ અને બીજી તરફ શિક્ષણ અધિકારીનો શાળા ચાલુ રાખવાનો આદેશ, આ સંકલનના અભાવે વિદ્યાર્થીઓને ભારે વરસાદમાં હાલાકી ભોગવવી પડી હતી. સમગ્ર મામલો પ્રકાશમાં આવતાં અને કલેક્ટરના આદેશના ઉલાળિયાની વાત સામે આવતાં જિલ્લા વિકાસ અધિકારી એક્શન મોડમાં આવ્યા છે. વલસાડના ડીડીઓ અતિરાગ ચપલોતે આ બાબતને અત્યંત ગંભીરતાથી લીધી છે. સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ કરવામાં આવશે.

## વલસાડના કડૈયાના પૂલ બંધ કરાતાં પ્રજા પરેશાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૦૮ :** વલસાડ કૈલાશ માર્ગ સ્મશાન ભૂમિ પાસેના કાર્યરત જુના પુલને અડીને દર ચોમાસામાં પાણી વહે છે પણ હાલના ચોમાસામાં હજુ પુલ ઉપરથી પાણી વહે એટલો વરસાદ થયો નથી છતાં વહીવટી તંત્ર કડૈયાના પુલ ઉપરથી અવર-જવર બંધ કરી દેતા સેકડો ગુંદલાવ ચોકડી તરફથી આવતા મુસાફરોને ભારે તકલીફ પડે છે અને આઠ દસ કિલોમીટરનો ચકરાવો લઈ વધુ સમય બળતણનો વપરાશ કરવો પડે છે.

ઔરંગા નદી વલસાડ માં ક્યારે પાણી વધશે તે અંગેની જાણકારી મેળવવા માટે ભૈરવીના ધરમપુર જતા ઔરંગા પુલ પર સંયંત્ર ગોઠવેલું છે જેના આધારે વલસાડમાં ક્યારે કેટલું પાણી આવશે ની જાણકારી મેળવી શકાય છે. ગઈકાલે પ્રથમ વખતના થઈના ઘરઘળીયા પુલ ખાતે બપોરના સમયે કોઝવે ઉપરથી એકાદ મીટર જેટલો પાણીનો ઘસારો હતો જે રાતે ઉતરી ગયો હતો અને આજે એટલે કે બુધવારે નહીંવત વરસાદ થયો છે અને ઉપરવાસમાંથી પણ પાણીની આવક ઘટી જતા દ્રશ્યમાં દેખાય છે તેવી કોઝવે ની હાલત છે છતાં વલસાડ ખાતે કૈલાશ માર્ગ પર વહીવટી તંત્ર દ્વારા અવરજવર બંધ કરીને સાયકલ, પગપાળા જનારા સૌને નહીં જવા દઈ તકલીફ આપી હેરાન કરી રહ્યા હોવાની બૂમ ઉઠી છે. જોકે ઉપરવાસમાં વરસાદના પગલે વલસાડની ઔરંગા નદી માં ભરતીના પાણીનું લેવલ વધતા વલસાડ ખેરગામ રોડ બપોર બાદ બંધ કરી દેવામાં આવ્યો હતો. અને બ્રિજ પર પોલીસ મૂકી દેવામાં આવી હતી રસ્તો બંધ થતાં વલસાડ ખેરગામ રોડ બંધ થતા વાહન ચાલકોએ મોગરાવાડી અબ્રામા હાઈવે થઈ જવાની ફરજ પડી હતી.





પારડીમાં આવેલ વૈકુંઠધામ સ્મશાન ગૃહમાં જવાના રસ્તામાં આશરે બે ફૂટ જેટલું પાણી ભરાઈ ગયું હતું એટલે જેમના સ્વજનો ગુજરી ગયા છે. એવા લોકો પાણીમાંથી ગઈકાલે બે મૃતદેહ લઈ ગયા હતા. આ વિકટ પરિસ્થિતિની જાણ પારડી નગરપાલિકાને કરતા પ્રમુખ ચેતનભાઈ નાયકા ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ અને સીઈઓ કોમલબેને આ પરિસ્થિતિની રૂબરૂ મુલાકાત લીધી હતી અને તાત્કાલીક પાણી નિકાલની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## ઉખડિયા ખાડીમાં તણાયેલા સ્કૂલ વાન ચાલકની ૨૪ કલાક બાદ પણ ભાળ નહીં

### ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે ઘટના સ્થળની મુલાકાત લઈ બચાવ કામગીરીની સમીક્ષા કરી, પરિવારને આપી હૈયાધરપત





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૮ :** ધરમપુર તાલુકાના તિસ્કરી તલાટ વિસ્તારમાં આવેલા ટાંકી આશ્રમ નજીકની ઉખડિયા ખાડીમાં ગતરોજ ભારે વરસાદ દરમિયાન તણાયેલા સ્કૂલ વાન ચાલક અજયભાઈ ઉર્ફે સંદીપભાઈ ધીરૂભાઈ ગાંવિત (ઉ.વ. ૪૨)ની ઘટના બાદ ૨૪ કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં તેમની કોઈ ભાળ મળી નથી.

સતત શોધખોળ છતાં બચાવ ટીમોને હજુ સુધી સફળતા મળી નથી.ગતરોજ ભારે વરસાદને કારણે રસ્તા ઉપર પાણી ફરી વળતાં માર્ગનો અંદાજ ન આવતા અજયભાઈ વિદ્યાર્થીને લેવા ગયા હતા. પરત ફરતી વખતે ૧૧ વર્ષની વિદ્યાર્થિનીને પીઠ પર બેસાડી પાણીમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બંને અચાનક ઉખડિયા ખાડીમાં તણાઈ ગયા હતા. સ્થાનિક લોકોની સતર્કતાથી વિદ્યાર્થિનીનો આબાદ બચાવ કરવામાં આવ્યો હતો, જ્યારે અજયભાઈ વહેતા પાણીમાં તણાઈ ગયા હતા.

હાલ ધરમપુર પાલિકાની ફાયર બ્રિગેડ, એનડીઆરએફ (NDRF) સહિત ૪૦થી વધુ જવાનો દ્વારા ખાડી અને આસપાસના વિસ્તારોમાં સતત સઘન શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. વિવિધ વિભાગોના અધિકારીઓ સ્થળ પર હાજર રહી સંકલન સાથે કામગીરીને વધુ ઝડપી અને અસરકારક બનાવવા પ્રયાસ કરી રહ્યા છે. આ દરમિયાન સ્થાનિક ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ ઘટના સ્થળે પહોંચી બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે ફાયર બ્રિગેડ, એનડીઆરએફ તેમજ વહીવટી તંત્રના અધિકારીઓ સાથે ચર્ચા કરી જરૂરી સૂચનાઓ આપી હતી. ત્યારબાદ તેઓ અજયભાઈના નિવાસસ્થાને પહોંચી પરિવારજનોને હૈયાધરપત આપી અને શક્ય તેટલી વહેલી તકે અજયભાઈની શોધખોળ પૂર્ણ કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાનું આશ્વાસન આપ્યું હતું.

બનાવ અંગે ધરમપુર પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે, જયારે સમગ્ર વિસ્તારમાં અજયભાઈની સલામત ભાળ મળે તેવી પ્રાર્થનાઓ વચ્ચે બચાવ કામગીરી સતત ચાલુ રાખવામાં આવી રહી છે.

## કપરાડા માની હાઈ.ના વિદ્યાર્થીઓએ હવાઈથી દ્વારકાધીશનો પ્રવાસ કર્યો







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૮ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના ડુંગર-જંગલ અને અંતરિયાળ વિસ્તારમાં વસતા વિદ્યાર્થીઓના જીવનમાં એક યાદગાર અને પ્રેરણાદાયી ક્ષણ સર્જાઈ છે. ભારતીય જનસેવા સંસ્થાન સંચાલિત પૂજ્ય મોટા હાઈસ્કૂલ (માની) દ્વારા ધોરણ ૧૦ અને ૧૨માં ૮૦ ટકા કરતાં વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને વિશેષ પ્રોત્સાહનરૂપે સુરતથી જામનગર સુધી વિમાન (હવાઈ) મુસાફરી કરાવવામાં આવી હતી.

વિદ્યાર્થીઓએ જીવનમાં પ્રથમ વખત હવાઈ મુસાફરીનો અનોખો અનુભવ મેળવ્યો હતો. જામનગર પહોંચ્યા બાદ તેઓએ જગત મંદિર દ્વારકાધીશના દર્શન કરી ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાનો પરિચય મેળવ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓએ રેલવે મુસાફરી દ્વારા વલસાડ પરત ફરી પ્રવાસ પૂર્ણ કર્યો હતો.

આ સમગ્ર પ્રવાસ વિદ્યાર્થીઓ માટે માત્ર મનોરંજન પૂરતો નહીં પરંતુ જીવનમાં આગળ વધવાની પ્રેરણા આપતો અને નવા સપનાઓ જોવાની દિશા દર્શાવતો અમૂલ્ય અનુભવ બની રહ્યો હતો. ડુંગર-જંગલના ગામડાંમાં રહેતા વિદ્યાર્થીઓ માટે વિમાનમાં મુસાફરી કરવાનો અવસર અત્યંત યાદગાર સાબિત થયો હતો.

ઉલ્લેખનીય છે કે, ભારતીય જનસેવા સંસ્થાન શિક્ષણના ક્ષેત્રે છેવાડાના વિસ્તારના બાળકોના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત છે. સંસ્થાની ગુણવત્તાસભર શિક્ષણ વ્યવસ્થાના પરિણામે ચાલુ વર્ષે ધોરણ ૧૨નું પરિણામ ૧૦૦ ટકા જ્યારે ધોરણ ૧૦નું પરિણામ ૯૮.૪૦ ટકા નોંધાયું છે, જે સંસ્થાની શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને વિદ્યાર્થીઓની મહેનતનું ઉત્તમ પ્રતિબિંબ છે.

સંસ્થા દ્વારા શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, રાષ્ટ્રીય ભાવના અને જીવનમાં આગળ વધવાની પ્રેરણા જાગૃત થાય તેવા વિવિધ કાર્યક્રમોનું નિયમિત આયોજન કરવામાં આવે છે. આ અનોખો પ્રવાસ પણ તે જ દિશામાં એક પ્રશંસનીય અને પ્રેરણાદાયી પહેલ છે.

## ગણદેવા-ખારેલ ચોકડી પાસે પાણીમાં ફસાયેલી બસમાંથી ૩૦ને ઉગારાયા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૮ :** ગણદેવી તાલુકાના ગણદેવા-ખારેલ ચોકડી નજીક ભારે વરસાદને કારણે રસ્તા પર પાણી ભરાઈ જતાં ખાનગી ટ્રાવેલ્સની બસ અચાનક ફસાઈ ગઈ હતી, જેમાં ૫ બાળકો સહિત કુલ ૩૦ જેટલા મુસાફરોના જીવ જોખમાયા હતા. આ ઘટનાની જાણ થતાં જ જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ કાફલો અને ફાયર બ્રિગેડની બચાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આપત્તિના સમયે તંત્ર દ્વારા ભારે જહેમત બાદ સુનિયોજિત રીતે તાબડતોબ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને બસમાં સવાર તમામ મુસાફરોને પાણીમાંથી હેમખેમ બહાર કાઢી, સુરક્ષિત સ્થળે ખસેડવામાં સફળતા મેળવી હતી.

## ગણદેવી પાલિકા પ્રમુખે અસરગ્રસ્ત સ્થળોની મુલાકાત લીધી





**ગણદેવી, તા. ૦૮ :** ગણદેવીમાં ધોધમાર વરસાદને કારણે મંગળવારે રાતના નીચાણવાળા વિસ્તારોમાં ભારે પાણી ભરાતા પાલિકા પ્રમુખ અનિતાબેન ભંડારી અને ફાયર ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ત્વરિત બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં અસરગ્રસ્ત નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢીને ગણદેવી ફાયર સ્ટેશન હોલ ખાતે સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા અને તેઓને રહેવા-જમવા મેડિકલ સહિતની તમામ જરૂરી સહાય તેમજ વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી.

## વાપીમાં દુકાનના ડ્રોવરમાંથી કાળોતરો સાપ મળતા દોડધામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વાપીના ચલા વિસ્તારમાં આવેલી ગોલ્ડ કોઈન બિલ્ડિંગમાં એક ટાયરની દુકાનના ટેબલના ડ્રોઅરમાં દેશના સૌથી વધુ ઝેરી સાપોમાં ગણાતા કાળોતરા સાપ જોવા મળતા દુકાનમાં અફરાતફરી મચી ગઈ હતી. માહિતી મળતા વાપી એનિમલ રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને અત્યંત સાવચેતી સાથે કાળોતરા સાપને રેસ્ક્યુ કર્યો હતો. ત્યારબાદ તેને તેના કુદરતી રહેઠાણ એવા જંગલ વિસ્તારમાં સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક અંદાજ મુજબ વાપી પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી પડેલા ભારે વરસાદ અને પૂરની સ્થિતિને કારણે આ સાપ રહેણાંક વિસ્તારમાં આવી ગયો હોવાનું વાપી એનિમલ રેસક્યુ ટીમ ના વર્ધમાન શાહનુ માનવામાં આવી રહ્યું છે. કાળોતરો સાયલેન્ટ કિલર તરીકે ઓળખાય છે, કારણ કે તે મોટાભાગે રાત્રિ દરમિયાન સક્રિય રહે છે અને તેના કરડવાનો દુખાવો ઘણી વખત શરૂઆતમાં ઓછો અનુભવાય છે. વાપી એનિમલ રેસ્ક્યુ ટીમે લોકોને અપીલ કરી છે કે વરસાદી મોસમમાં ઘરો, દુકાનો અને ગોડાઉનમાં સાવચેતી રાખે તેમજ સાપ દેખાય તો તેને મારવાનો પ્રયાસ કર્યા વિના તરત જ રેસ્ક્યુ ટીમને જાણ કરે.

## દેસરામાંથી ૨૨ લોકોનું રેસ્ક્યુ : નદી તટના વિસ્તારોને એલર્ટ કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતીનધિ)

**બીલીમોરા, તા.૦૮ :** ઉપરવાસમાં અને નવસારીમાં સતત ચાર દિવસથી પડેલા અતિભારે વરસાદને કારણે બીલીમોરાની કાવેરી નદી બે કાંઠે વહેતી થઈ હતી. પાણીનું સ્તર હજુ વધવાની આશંકા વચ્ચે તંત્ર સંપૂર્ણ એક્શન મોડમાં આવ્યું હતું, જેમાં પૂરની સ્થિતિને જોતા મંગળવારની રાતે પાલિકા પ્રમુખ મનિષ પટેલ અને ફાયર ફાયટરની ટીમે તાત્કાલિક દોડી જઈને દેસરા વિસ્તારમાંથી ૨૨ લોકોને સુરક્ષિત રીતે સ્થાનિક પ્રાથમિક શાળા ખાતે ખસેડી તમામ પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડી હતી તો બીજી તરફ સતત વધતી અંબિકા નદીના વહેણને પગલે જીવન જ્યોત પાછળ આવેલા વાડીયા શિપયાર્ડ સહિતના તમામ નદી તટ અને નીચાણવાળા વિસ્તારના લોકોને માઈક દ્વારા જાહેરાત કરીને તાત્કાલિક સલામત સ્થળે સ્થાનાંતરિત થવા વહીવટી તંત્ર દ્વારા કડક સૂચના આપી સતર્ક કરવામાં આવ્યા હતા.

## ચીખલી તાલુકાના નોગામા, રાનકુવા, સારવણીમાં નાગરિકોને સલામત સ્થળે ખસેડવા પડયા






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**ચીખલી, તા. ૦૮ :** ચીખલી તાલુકામાં થયેલા ભારે વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારના માર્ગો ઉપર ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા. સારવણી, રાનકુવા, નોગામા જેવા ગામોમાં કેટલાક મકાનોમાં વરસાદી પાણી ભરાઈ જતા સંખ્યાબંધ વ્યક્તિઓનું સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું ચીખલી તાલુકામાં છેલ્લા બે દિવસથી પડી રહેલા ભારે વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારના સંખ્યાબંધ માર્ગો ઉપર વરસાદી પાણી ફરી વળ્યા હતા ચીખલી તાલુકાના નોગામા ભુરી ફળિયા ખાતે તળાવ ઉભરાતા કેટલાક મકાનોમાં પાણી ભરાઈ જતા સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા ૪૦ જેટલી વ્યક્તિઓનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું ભારે વરસાદને કારણે સુંથવાડ, આલીપોર, થાલા તેમજ સમરોલી વિસ્તારમાંથી પસાર થતાં અમદાવાદ મુંબઈ ટ્રેકની બાજુમાં સર્વિસ રોડ ઉપર વરસાદી પાણી ભરાઈ જતા વાહન ચાલકોએ ભારે પરેશાની વેઠવાની નોબત આવી હતી જ્યારે ટાંકલ રાનકુવા માર્ગ ઉપર ઠેર ઠેર પાણી ભરાતા પાણીનો નિકાલ ન થતા કેટલીક જગ્યાઓ ઉપર મોડી રાત્રે ડિવાઈડરો તોડીને વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો.

## વાપી સ્ટેશને હજારો મુસાફરો અટવાયા

### વાપી શહેર ભાજપ દ્વારા અટવાયેલા મુસાફરોને ખીચડી, પાણી જરૂરી નાસ્તો અને બિસ્કીટના પેકેટ તથા કેટલાક મુસાફરોને જરૂરી દવાઓનું વિતરણ કરાયું









(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** મુંબઈ અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદના કારણે રેલવે વ્યવસ્થા ખોરવાતા વાપી રેલવે સ્ટેશન પર અનેક ટ્રેનો વિલંબિત અને કેટલીક રદ થતાં મોટી સંખ્યામાં મુસાફરો કલાકો સુધી અટવાઈ ગયા હતા. આવી સ્થિતિમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) વાપી શહેર સંગઠન દ્વારા રાહતરૂપ સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.વાપી શહેર ભાજપના પ્રમુખ મનીષ દેસાઈ ના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર ના નાણાં અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી અને પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ મંગળવાર મધરાતથી બુધવાર વહેલી સવારે ૧ વાગ્યાથી ૫ વાગ્યા સુધી રેલવે સ્ટેશન પર અટવાયેલા મુસાફરોને ખીચડી અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રેન રદ થવા અથવા લાંબા વિલંબને કારણે મુશ્કેલીમાં મુકાયેલા મુસાફરોને આ સેવા પૂરી પાડવામાં આવી હતી. સેવા કાર્યમાં ભાજપ વાપી શહેર પ્રમુખ મનીષભાઈ દેસાઈ, મહામંત્રી વિરાજભાઈ દક્ષિણી, રીકેનભાઈ પટેલ, વાપી તાલુકા યુવા ભાજપ પ્રમુખ રાહુલભાઈ જયશવાલ, વાપી લોહાણા સમાજ પ્રમુખ મયુરભાઈ ચગ, તેજસ ભંડારી, અનિલ યાદવ સહિત અનેક કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. ભારે વરસાદના કારણે સર્જાયેલી અસાધારણ પરિસ્થિતિમાં મુસાફરોને તાત્કાલિક ભોજન ઉપલબ્ધ કરાવવાના આ પ્રયાસને મુસાફરો દ્વારા આવકાર મળ્યો હતો. જોકે, કેટલા મુસાફરોને ભોજન આપવામાં આવ્યું અથવા કેટલા પેકેટનું વિતરણ થયું તેની સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. વરસાદી સંકટ દરમિયાન વિવિધ સામાજિક અને રાજકીય સંસ્થાઓ રાહત કામગીરીમાં જોડાઈ રહી છે, ત્યારે ભાજપ વાપી શહેર સંગઠનનું આ સેવા કાર્ય પણ તેમાં એક નોંધપાત્ર પહેલ તરીકે સામે આવ્યું છે.

# અન્ય સમાચારો

Thursday 09, July 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 09, July 2026

## હારમાં ટ્રમ્પની જીત?

ડોનાલ્ડ ટ્રમ્પને કદાચ અમેરિકન સુપ્રીમ કોર્ટના નિર્ણયથી સૌથી વધારે વ્યથા થઈ હોય એવું લાગે છે, કેમ કે, અમેરિકાને ફરીવાર મહાન બનાવવાના તેમના સ્વપ્નના પાયામાં બહારથી આવી યેનકેન પ્રકારે અમેરિકાનું નાગરિકત્વ મેળવી લેનારાઓને ઘરભેગા કરવાનો હુંકાર પણ હતો. વળી, આ મુદ્દો ચૂંટણી પહેલાં ચગાવી વાતાવરણમાં ગરમાટો લાવી પરિણામ પોતાની તરફ ખેંચી લાવવામાં તેમને સફળતા મળી હતી. જો કે, સર્વોચ્ચ અદાલતે જન્મસિદ્ધ નાગરિકત્વ એટલે કે બર્થરાઈટ સિટીઝનશિપ બાબતે ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડરને કોરાણે રાખી અમેરિકાનાં બંધારણે આપેલી બાંહેધરીને બહાલી આપી છે. અમેરિકાની ધરતી પર જન્મ લેનાર બાળકોને ત્યાંનું નાગરિકત્વ આપોઆપ મળી જાય, ભલેને તેમના માતા-પિતા અમેરિકામાં યોગ્ય દસ્તાવેજો વિના રહી પડયા હોય. જો કે, આ જોગવાઈનો ગેરફાયદો ઉપાડનારાઓની સંખ્યા પણ ખાસ્સી મોટી છે અને દુનિયાભરમાંથી ગર્ભવતી સ્ત્રીઓ ખાસ બાળજન્મ માટે અમેરિકા આવતી હોવાના કિસ્સા તથા બર્થ ટૂરિઝમ નામે આખો વ્યવસાય ચાલે છે, એ પણ એટલું જ સાચું છે. આ પહેલાં પણ એક સ્થાનિક અદાલતે જન્મસિદ્ધ નાગરિકત્વની તરફેણમાં ચુકાદો આપ્યો હતો, પણ સર્વોચ્ચ અદાલતના ચુકાદાથી હવે તેના પર મહોર લાગી છે. ૬-૩ની બહુમતીથી ટ્રમ્પના આદેશને ગેરકાયદે અને ૪-૫ની પાતળી મેજોરિટીથી અમેરિકન બંધારણનું ઉલ્લંઘન કરનારો જાહેર કર્યો છે અને ચુકાદા બાદ ટ્રમ્પે ટેવ પ્રમાણે સપ્રીમ કોર્ટ અને ન્યાયાધીશો વિશે એલફેલ બોલવાનું શરૂ કરી દીધું છે. હવે જન્મસિદ્ધ નાગરિકત્વ પર બંધી માત્ર કોંગ્રેસમાં કાયદો પસાર કરીને જ લાવી શકાય એમ છે. જો કે, એ માટેના આંકડા ટ્રમ્પ પાસે નથી અને મધ્યસત્ર ચૂંટણી પહેલાં આવેલો આ નિકાલ ટ્રમ્પ અને તેમના પક્ષની ઘટતી લોકપ્રિયતા માટે કદાચ બૂસ્ટર ડોઝ સાબિત થઈ શકે છે, કેમ કે, ટ્રમ્પની જેમ અનેક અમેરિકનો માને છે કે, બહારથી આવીને ગેરકાયદે વસેલા અને સંતાનના જન્મને કારણે નાગરિક બની જતાં લોકો અમેરિકામાં ગુનાખોરી ફેલાવે છે અને સ્થાનિકોના અધિકારો પર તરાપ મારે છે. અદાલતે ચુકાદો ભલે આપ્યો હોય, પણ ટ્રમ્પની કટઓફ તારીખ પછી જન્મેલાઓ માટે અત્યારે ઉજવણી કરવી કદાચ વહેલી લેખાશે. ભારતીય મૂળના આશરે ૫૪ લાખ લોકો અમેરિકામાં વસે છે, જે અમેરિકાની વસ્તીનો ૧.૬ ટકા હિસ્સો થાય અને મેક્સિકનો પછી ભારતીયો બીજા ક્રમનો સૌથી મોટો ઈમિગ્રન્ટ સમુદાય છે, તો વિદેશમાં જન્મેલા કામગારોનું પ્રમાણ અમેરિકન વર્ક ફોર્સના આશરે એક પંચમાંશ છે. આવામાં, બહારના લોકોને હાંકી કાઢવાનો ટ્રમ્પનો વિચાર સ્થાનિકોને ગમે એવો હોવા છતાં તેનાં કારણે અનેક મુશ્કેલીઓ સર્જાઈ શકે છે. જો કે, અમેરિકનો મોટો વર્ગ આ વિદેશીઓને સૂગ અને નફરતની દૃષ્ટિથી જુએ છે અને છેલ્લાં થોડાં વર્ષોમાં આ પ્રમાણ ખાસ્સું વધ્યું છે. ટ્રમ્પ માટે આઘાતજનક લાગતો હોવા છતાં આ ચુકાદો કદાચ તેમના પક્ષ માટે લાભદાયક ઠરી શકે છે અને અમેરિકન રાષ્ટ્રપ્રમુખ કદાચ હવે ઈમિગ્રન્ટો પ્રત્યે વધુ ભુરાટા થાય તો આશ્ચર્ય નહીં.

# ઈન્ડોનેશિયાના ૧૦૦૦ વર્ષ જૂના પ્રાચીન મંદિરની મુલાકાતે મોદી



### રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો સાથે મળીને મંદિરના સંરક્ષણ અને પુનર્સ્થાપન પરિયોજનાનો શુભારંભ કર્યો




(સંપૂર્ણ સમાચાર સેવા) જાકાર્તા, તા.૮ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ત્રણ દિવસીય ઈન્ડોનેશિયા પ્રવાસના અંતિમ દિવસે યોગ્યાકાર્તા સ્થિત ઐતિહાસિક પ્રમ્બાનન મંદિરની મુલાકાત લીધી હતી. લગભગ ૧૦૦૦ વર્ષ જૂના આ હિન્દુ મંદિરની મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર કેટલીક અદભુત તસવીરો અને વીડિયો શેર કર્યા હતા. નોંધનીય છે કે ભારત હવે આ મંદિરને નવજીવન આપવા જઈ રહ્યું છે અને બંને દેશો વચ્ચે મંદિરના પુનર્નિર્માણ તથા જીર્ણોદ્ધારને લઈને સહમતિ સધાઈ છે. વડાપ્રધાન મોદી ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો સાથે મંદિર પરિસર પહોંચ્યા હતા. તેમણે વિમાનમાંથી જ મંદિરના ભવ્ય પરિસરનો એક વીડિયો શેર કર્યો હતો. ત્યારબાદ બંને નેતાઓએ યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ પ્રમ્બાનન મંદિરની સંરક્ષણ અને પુનઃસ્થાપન પરિયોજનાનો શુભારંભ કર્યો. જેને ભારત-ઈન્ડોનેશિયા વચ્ચેના સાંસ્કૃતિક સહયોગનો મહત્વપૂર્ણ પડાવ ગણવામાં આવી રહ્યો છે. આ પહેલા મંગળવારે બંને દેશોએ મંદિરના સંરક્ષણ અંગે એક લેટર ઓફ ઈન્ટેન્ટ પર પણ સહમતિ દર્શાવી હતી. મંદિરમાં PM મોદીએ પૂજા-અર્ચના કરી અને પરિયોજના સાથે જોડાયેલા અધિકારીઓ સાથે વાતચીત પણ કરી. આ દરમિયાન બંને દેશોના રાષ્ટ્રધ્વજ લહેરાવીને મોટી સંખ્યામાં લોકોએ બંને નેતાઓનું સ્વાગત કર્યું હતું. પોતાની એક પોસ્ટમાં PMએ મંદિરમાં થયેલા મંત્રોચ્ચારનો વીડિયો શેર કરતાં લખ્યું, ઈન્ડોનેશિયાના પ્રમ્બાનન મંદિરમાં નમઃ શિવાય.


પ્રમ્બાનન મંદિર ૯મી સદીમાં બનાવવામાં આવ્યું હતું અને તે ઈન્ડોનેશિયાનું સૌથી મોટું હિન્દુ મંદિર પરિસર છે. મુખ્યત્વે આ મંદિર ભગવાન શિવને સમર્પિત છે, જેના ભવ્ય શિખરો પર શિવ, વિષ્ણુ અને બ્રહ્માની ઝલક જોવા મળે છે. પરિસરમાં કરવામાં આવેલી પથ્થરની જટિલ કોતરણીમાં રામાયણના દ્રશ્યો ઉકેરવામાં આવ્યા છે. પરિસરના કેન્દ્રમાં ૪૭ મીટર ઊંચું રાજસી શિવ મંદિર છે, જે પ્રમ્બાનનની સૌથી ઊંચી સંરચના અને પ્રાચીન હિન્દુ સ્થાપત્યનો બેજોડ નમૂનો ગણાય છે. મૂળરૂપે આ સમગ્ર પરિસરમાં સેંકડો નાના-મોટા મંદિરો સામેલ હતા, જે સમય જતાં ભૂકંપ અને જ્વાળામુખી વિસ્ફોટોના કારણે ક્ષતિગ્રસ્ત થઈ ગયા હતા.

મંગળવારે એક કાર્યક્રમને સંબોધતાં ર મોદીએ બંને દેશોની સહિયારી સંસ્કૃતિ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે મહાનદીમાં કેળાના થડમાંથી બનેલી નાની હોડીઓ વહાવવાની પરંપરા હોય, વાયાંગ કુલિત દ્વારા મહાભારતનું મંચન હોય કે દેવી શ્રીની પૂજા હોય, દરેક પરંપરા ભારત-ઈન્ડોનેશિયા વચ્ચેના સદીઓ જૂના સાંસ્કૃતિક સંબંધોની જીવંત ઝલક રજૂ કરે છે.

ઈન્ડોનેશિયામાં બોલિવૂડની જાણીતી ફિલ્મ કુછ કુછ હોતા હૈનું ગીત ખૂબ જ લોકપ્રિય છે. PMએ કહ્યું, મેં રાષ્ટ્રપતિ પ્રબોવોને કહ્યું કે જ્યારે ભારત અને ઈન્ડોનેશિયા સાથે મળીને આગળ વધે છે, ત્યારે ઘણું બધું થાય છે. તેમણે ઉમેર્યું કે ઈન્ડોનેશિયા દ્વારા તેમને અપાયેલું સર્વોચ્ચ સન્માન બંને દેશો વચ્ચેની ગાઢ મિત્રતાનું વધુ એક પ્રતીક છે. PM મોદીએ પ્રવાસી ભારતીય સમુદાયને અપીલ કરી કે તેઓ પોતાના ઈન્ડોનેશિયન મિત્રોને ભારત વિશે જણાવે અને તેમને ભારત યાત્રા માટે પ્રોત્સાહિત કરે.

## રાજ્યમાં ત્રણ દિવસ અનેક જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૮
ગુજરાત રાજ્યમાં ચોમાસું સંપૂર્ણપણે સક્રિય થઈ ગયું છે. હવામાન વિજ્ઞાન કેન્દ્ર, અમદાવાદ દ્વારા જાહેર કરવામાં આવેલા વેધર બુલેટિન મુજબ છેલ્લા ૨૪ કલાકમાં સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાત પ્રદેશમાં ચોમાસું વ્યાપક રીતે સક્રિય રહ્યું છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે, જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીના વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત નવસારી,



તાપી, દમણ તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર અને અમરેલી જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ નોંધાયો છે. ઉત્તર અને મધ્ય ગુજરાતના પાટણ, મહીસાગર, છોટાઉદેપુર, વડોદરા, નર્મદા અને ભરૂચ જેવા જિલ્લાઓમાં પણ મેઘમહેર થઈ છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ઉત્તર અરબી સમુદ્રના વધુ ભાગો, ગુજરાતના બાકીના તમામ વિસ્તારો અને રાજસ્થાન તથા હરિયાણામાં આગળ વધી ચૂક્યું છે. હાલમાં પૂર્વ મધ્ય પ્રદેશ અને તેની આસપાસના વિસ્તારો પર એક 'વેલ-માર્ક્ડ લો પ્રેશર' સિસ્ટમ સક્રિય છે, જે આગામી ૨૪ કલાકમાં ધીમે-ધીમે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધીને નબળી પડી શકે છે. આ સાથે જ દક્ષિણ ગુજરાતથી લઈને મધ્ય કેરળ સુધી દરિયાકાંઠાના વિસ્તારોમાં ઓફ-શોર ટ્રફ પણ સક્રિય છે. આગામી ૨ થી ૩ દિવસમાં ચોમાસું સમગ્ર દેશને આવરી લે તેવી સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે.

## મહારાષ્ટ્રમાં મૂશળધાર વરસાદનો કહેર




### નાસિકમાં વાદળ ફાટવાની શક્યતા સાથે ભારે વરસાદનું એલર્ટ જારી

(સંપૂર્ણ સમાચાર સેવા) મુંબાઈ, તા.૮ : મહારાષ્ટ્રમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા ભારે વરસાદે જનજીવનને ગંભીર અસર પહોંચાડી છે. રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં લોકોમાં ચિંતા છે કે, જો વરસાદ યથાવત રહેશે તો પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. જોકે ભારતીય હવામાન વિભાગ (IMD)એ રાહતના સમાચાર આપતા જણાવ્યું છે કે, આગામી દિવસોમાં વરસાદની તીવ્રતા ધીમે ધીમે ઘટવાની શક્યતા છે.

છેલ્લા ૨૪ કલાકમાં પડેલા મુશળધાર વરસાદથી રાજ્યના અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ઘણી નદીઓ ભયજનક સપાટીને પાર વહી રહી છે. મહારાષ્ટ્ર રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન પ્રાધિકરણ (MSDMA)ના અહેવાલ મુજબ વરસાદ સંબંધિત ઘટનાઓમાં બે લોકોના મોત થયા છે અને કેટલાક લોકો ઘાયલ થયા છે.

છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૨૦૩.૩ મીમી વરસાદ પાલઘર જિલ્લામાં નોંધાયો હતો.

ઠાણે – ૧૧૬.૪ મીમી
રાયગઢ – ૧૦૮.૭ મીમી
મુંબઈ ઉપનગર – ૯૦.૪ મીમી
પુણે – ૭૦.૯ મીમી વરસાદ નોંધાયો હતો. સતત વરસાદને કારણે કોંકણ વિસ્તારની અનેક નદીઓમાં જળસ્તર ઝડપથી વધી રહ્યું છે. અંબા, સાવિત્રી અને જગબુડી નદીઓ ભયજનક સપાટીને પાર વહી રહી છે. કુન્ડલિકા અને પિંજલ નદીઓ ચેતવણી સ્તરને વટાવી ચૂકી છે. સાતારામાં ભૂસ્ખલન, નંદુરબારમાં

# સ્થાનિક સમાચારો... સ્થાનિક સમાચારો... સ્થાનિક સમાચારો... સ્થાનિક સમાચારો... સ્થાનિક સમાચારો...

ભારે વરસાદને કારણે ખોરવાયેલો ટ્રેન વ્યવહાર પૂર્વરત થવા માંડ્યો

## વાપી સ્ટેશને મુંબઈથી બુધવારે ૧૦ જેટલી ટ્રેનો આવી, સુરત તરફ રવાના

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૦૮ :** મુંબઈમાં ભારે વરસાદને પગલે નાલાસોપારા અને પાલઘર રેલવે સ્ટેશનો વચ્ચે ટ્રેક પર પાણી ભરાઈ જતાં છેલ્લા બે દિવસથી ખોરવાયેલો ટ્રેન વ્યવહાર હવે ધીમે ધીમે પૂર્વવત્ થવા માંડ્યો છે. બુધવારે સ્થિતિમાં સુધારો નોંધાતા મુંબઈ તરફથી આવતી આશરે ૧૦ જેટલી ટ્રેનો વાપી રેલવે સ્ટેશને પહોંચી હતી અને ત્યારબાદ સુરત સહિત ઉત્તર દિશામાં તેમના નિર્ધારિત માર્ગે રવાના કરવામાં આવી હતી.

ભારે વરસાદના કારણે પશ્ચિમ રેલવેને અનેક ટ્રેનોના સંચાલનમાં ફેરફાર કરવાની ફરજ પડી હતી. મંગળવારે કેટલીક ટ્રેનોને વચ્ચે જ અટકાવવામાં આવી હતી, જ્યારે બુધવારે પણ સૂર્યનગરી એક્સપ્રેસ, ગંગાનગર એક્સપ્રેસ અને દાદર તરફની કેટલીક ટ્રેનોને વાપી સહિત વિવિધ સ્ટેશનો પર શોર્ટ ટર્મિનેટ કરવાની કાર્યવાહી કરાઈ હતી. જોકે ટ્રેક પરથી પાણી ઓસરતાં રેલવે તંત્રએ તબક્કાવાર ટ્રેન વ્યવહાર ફરી શરૂ કર્યો હતો. વાપી સ્ટેશને મુસાફરોની ભારે અવરજવર જોવા મળી હતી. રેલવે અધિકારીઓ સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. વાપીના સ્ટેશન માસ્ટરના જણાવ્યા મુજબ યાત્રીઓની સુવિધા માટે ત્રણ દિવસથી સ્ટેશન ઉપર હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવ્યું છે.

## દમણ સર્કિટ હાઉસ પાસે ખાડામાં ડુબી જતા યુવકનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**દમણ, તા.૦૮ :** મોટી દમણ સર્કિટ હાઉસ પાછળ એક ખાલી ખેતરમાં ઘાસ ઉગી ગયું હતું અને વરસાદી પાણી જમા થઈ ગયું હતું. આ પાણી ભરેલા ખાડામાંથી એક પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકની ઓળખ રમેશ હળપતિ તરીકે થઈ છે, જે મોતી દમણના ભીટવાડીનો રહેવાસી છે. તે જાહેર બાંધકામ વિભાગમાં કોન્ટ્રાક્ટ કર્મચારી તરીકે કામ કરતો હોવાનું કહેવાય છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, રમેશ બુધવારે સાંજે સર્કિટ હાઉસની પાછળ ફરવા ગયો હતો. ત્યારબાદ તે પાણીથી ભરેલા ખાડામાં ઉતર્યો અને ડૂબી ગયો. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસ મૃત્યુના કારણની તપાસ કરી રહી છે.

## કલગામ દરિયા કિનારેથી લાશ મળી

ઉમરગામ, તા. ૦૮ : ઉમરગામ તાલુકાના કલગામ છાબડી દરિયા કિનારે તણાઇ આવેલી લાશ (મૃતદેહ) તા.૮/૭/૨૦૨૬ ના રોજ સવારે ૮ વાગે મળી આવ્યો છે.

આ ઉપરાંત કપરાડા તાલુકાના પીડવળ ગામે ભારે વરસાદના કારણે મીરાબેન મહેશભાઇ દળવીનું કાચું મકાન સંપુર્ણ નાશ પામ્યું છે અને ઢોરોને પણ ઈજાઓ થઈ છે. અન્ય કોઇ જાનહાનિ થઇ નથી.

## વલવાડા ખનકીમાં કાર સાથે ફસાયેલા યુવકનો જીવ બચાવાયો

### વાપી ફાયર વિભાગ અને એસડીઆરએફની ટીમે રાત્રે ૧:૩૦ કલાકે એક કલાકની જહેમત બાદ યુવકને સલામત બહાર કાઢ્યો

**વાપી, તા.૦૮ :** વલવાડા ખણકી વિસ્તારમાં ભારે વરસાદના કારણે પાણીનો પ્રવાહ વધતા એક કાર નબર આર જે ૧૦- સીએન -૨૨૬૯ પાણીમાં ફસાઈ ગઈ હતી. કારમાં રહેલો યુવક બહાર નીકળી શક્યો ન હોવાથી જીવના જોખમે કારના બોનેટ પર ચડી ગયો હતો. તે સતત મદદ માટે બૂમો પાડી રહ્યો હતો. ત્યાંથી પસાર થતા એક વાહનચાલકે સમગ્ર ઘટના જોઈ તાત્કાલિક વાપી ફાયર વિભાગને જાણ કરી હતી.



જાણ થતાં જ વાપી ફાયર વિભાગની ટીમ તથા એસડીઆરએફના જવાનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. રાત્રે અંદાજે ૧:૩૦ વાગ્યે શરૂ કરાયેલા બચાવ અભિયાન દરમિયાન પાણીનો તેજ પ્રવાહ અને અંધકાર વચ્ચે દોરડા સહિતના સાધનોની મદદથી લગભગ એક કલાકની ભારે જહેમત બાદ યુવકને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો. બચાવ કામગીરી પૂર્ણ થતાં હાજર લોકોએ વાપી ફાયર વિભાગ અને એસડીઆરએફની ટીમની કામગીરીને બિરદાવી હતી.

## વલસાડમાં ૧૨૦ બંધ માર્ગો ફરી પુર્વરત કરાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૦૮ :** વલસાડ જિલ્લામાં વરસેલા અતિ ભારે વરસાદના કારણે અનેક કોઝવે ઉપરથી પાણી વહેવા, કાટમાળ જમા થવા તેમજ કેટલાક સ્થળોએ માર્ગને નુકસાન પહોંચતા કુલ ૧૬૪ માર્ગો પર વાહનવ્યવહાર કામચલાઉ ધોરણે બંધ કરવામાં આવ્યો હતા. જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર ભાવેશ પટેલના જણાવ્યા અનુસાર વાહન વ્યવહારને ધ્યાનમાં રાખીને પંચાયત માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ, ઈજનેરો અને ફિલ્ડ સ્ટાફ સ્થળ પર પહોંચી JCB અને અન્ય મશીનરીની મદદથી કોઝવે તથા માર્ગો ઉપરથી કાટમાળ, ઝાડ-ઝાંખરા અને અન્ય અવરોધો દૂર કરી, તાત્કાલિક મરામત અને સુરક્ષાત્મક કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી.

કામચલાઉ બંધ કરાયેલા માર્ગોમાં પૈકી ૧૨૦ માર્ગો તા.૮/૭/૨૦૨૬ ના રોજ સાંજે ૬ વાગ્યા સુધીમાં વાહન વ્યવહાર માટે પુર્વરત કરવામાં આવતા વાહન ચાલકોને રાહત થઈ છે.

## સુબીર હાટ બજારથી સિંગાણા તરફ જતી બોલેરો જીપ ખીણમાં ખાબકી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સાપુતાર, તા. ૦૮ :** સાપુતારા ૦૮-૦૭-૨૦૨૬ ડાંગ જિલ્લાનાં સુબીર-નવાપુર રાજ્ય ધોરીમાર્ગ પર મોખામાળ ફાટક નજીક બુધવારે બપોરે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. સુબીર ખાતે ભરાતા સાપ્તાહિક હાટ બજારમાંથી મુસાફરોને લઈ સિંગાણા તરફ જતી બોલેરો જીપની બ્રેક અચાનક નિષ્ફળ જતા વાહન માર્ગની બાજુમાં આવેલી ખીણમાં ખાબક્યુ હતુ. આ અકસ્માતમાં ત્રણ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી,જ્યારે અન્ય ૧૨ મુસાફરોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે સુબીર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત ત્રણ મુસાફરોને વધુ સારવાર માટે આહવા સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. આ અકસ્માતની જાણ થતા જ સુબીર પોલીસ મથકના પીઆઈ એચ.બી. પટેલ સહિત પોલીસ અને વહીવટી તંત્રની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. સુબિર પોલીસ મથકનાં પી.આઈ. એચ.બી.પટેલે અકસ્માત અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે અને અકસ્માતના ચોક્કસ કારણોની તપાસ શરૂ કરી છે. આ અકસ્માતને પગલે વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

## દમણગંગા નદીમાં અજાણી લાશ મળી

**વલસાડ, તા.૦૮** ફલડ કંટ્રોલ દ્વારા મળેલી માહિતી અનુસાર કપરાડા તાલુકાના ફતેપુરા ગામે શીલાગણ ફળિયામાં દમણગંગા નદીમાં તા.૮/૭/૨૬ ના રોજ સવારે ૮ વાગે એક અજાણી લાશ મળી આવી છે.



### અંબિકા નદીમાં ઘોડાપૂરઃ વઘઈનો ગીરા ધોધનું રૌદ્ર સ્વરૂપમાં

ડાંગ જિલ્લા સહિત ઉપરવાસના વિસ્તારોમાં થઈ રહેલા ભારે વરસાદને કારણે સમગ્ર જિલ્લામાં જળબંબોળની સ્થિતિ સર્જાઈ છે.સતત વરસી રહેલા ધોધમાર વરસાદના લીધે ડાંગ જિલ્લાની નાની-મોટી નદીઓ અને નાળાઓ છલકાયા છે. ખાસ કરીને અંબિકા, પૂર્ણા, ખાપરી અને ગીરા જેવી મુખ્ય નદીઓમાં ઘોડાપૂર જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. નદીઓમાં પાણીની ભારે આવક થતાં વઘઈ નજીક આવેલો પ્રખ્યાત ગીરા ધોધ તેના રૌદ્ર અને વિકરાળ સ્વરૂપમાં આવી ગયો છે. ગીરા ધોધના વિકરાળ અને રૌદ્ર સ્વરૂપને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા પ્રવાસીઓની સુરક્ષા માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. પ્રવાસીઓને માત્ર દૂરથી જ આ મનોહર દ્રશ્યોની મજા લેવા અને સુરક્ષાના નિયમોનું પાલન કરવા જણાવાયું છે.

## ડાંગમાં ભારે વરસાદથી ૨૯ કોઝવે-પુલ પાણીમાં ગરક, ૫૦ વધુ ગામો સંપર્ક વિહોણા

**સાપુતારા, તા.૦૮ :** રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં છેલ્લા બે દિવસથી અનરાધાર વરસાદ પડી રહ્યો છે. ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા, શામગહાન, સાકરપાતળ, વઘઈ, પીંપરી, કાલીબેલ, ભેંસકાતરી, ઝાવડા, આહવા, બરડીપાડા, મહાલ, સુબિર, સિંગાણા, લવચાલી, પીપલાઈદેવી, પીપલદહાડ, ગારખડી, ચીંચલી, બોરખલ, ગલકુંડ સહીત પૂર્વપટ્ટી અને સરહદીય પંથકોમાં મંગળવારે સાંજનાં ૬ વાગ્યાથી બુધવારે સવાર સુધી અનરાધાર વરસાદ પડતા લોકમાતાઓમાં અંબિકા,પૂર્ણા, ગીરા અને ખાપરીએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. ડાંગ જિલ્લામાં અનરાધાર વરસાદનાં પગલે નદી,નાળા, વહેળા, કોતરડા ગાંડાતુર બનતા નીચાણવાળા ૨૯ જેટલા કોઝવેકમ પુલો ઊંડા પાણીમાં ગરક થઈ જતા મંગળવારે સવાર સુધીમાં ૫૦ જેટલા ગામડાઓ



જિલ્લાનાં વહીવટી મથકથી સંપર્કવિહોણા બન્યા હતા.સાથે આ વરસાદની તારાજીનાં પગલે અનેક જગ્યાએ માટીનો મલબો અને પથ્થરો, વૃક્ષો અને ભેખડો માર્ગ પર ધસી પડ્યા હતા. જેને પગલે માર્ગો જોખમી બન્યા હતા તથા ભારે વરસાદનાં પગલે અનેક જગ્યાએ નાળા અને કોઝવેકમ પુલોનાં એપ્રોચમાં ગાબડા પાડી ભારે નુકસાન પોહચાડ્યું છે.ડાંગ જિલ્લામાં અનરાધાર વરસાદનાં પગલે જનજીવન સહીત પશુપાલન, ડેરી વ્યવસાય પ્રભાવિત થયો હતો. અનરાધાર વરસાદનાં પગલે બુધવારે ડાંગ જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં રજા જાહેર કરાઈ હતી. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નાગરિકોને અનાવશ્યક મુસાફરી ટાળવા, નદી-નાળા, નીચાણવાળા વિસ્તારો તથા જળભરાવવાળા સ્થળોથી દૂર રહેવા તેમજ ગાજવીજ દરમિયાન ખુલ્લા સ્થળે આશરો ન લેવા અપીલ કરવામાં આવે છે. તો ખેડૂતોને પણ પશુધનને સુરક્ષિત સ્થળે રાખવા તથા જરૂરી સાવચેતી રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે.

No.MAM/KNVL/RBD-DNH/2025/1234 Dated: 16/10/2025

**APPLICANT- Shri Lahnu Dharma Mahla, Presently Residing at- Mahalpada, Kherdi, DNH.**
**Mo. 7202888024**

**V/S**

**OPPONENTS - Registrar of Birth and Death, Panchayat secretary Khanvel.**

**NOTICE**

The public to take note that the above, named applicant Shri Lahnu Dharma Mahla, his mother namely kasu W/o. Dharma Mahala, D/o. Abi Bhoya who was died on 01/11/2018 at Mahalpada Kherdi DNH&DD. But due to inadvertence the above said Death was not registered in the records of Registrar of Births and Deaths / Panchayat secretary, Amboli. Hence, the applicant has moved an application to pass an order to register death of kasu W/o. Dharma Mahala, D/o. Abi Bhoya. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Khanvel, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly. This notice is issued as per the approval of Executive magistrare Khanvel, on date : 08/10/2025.

Sd/-
Circle Inspector
Dadra and Nagar Haveli
Khanvel

## જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

જન્મ-મરણ કેસ નં.૧૫૮/૨૦૨૬

**અરજદાર : પ્રમોદભાઈ મગનભાઈ પટેલ**
મંછુ ફળિયા, કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **દેવીબેન મગનભાઈ પટેલનું** મરણ તા.૦૭/૧૦/૧૯૯૦ના રોજ મોજે કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કરાયાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કરાયાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કરાયા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૬૬/૨૦૨૬

**અરજદાર : શ્રી ગજરીબેન બાબુભાઈ વારલી**
**ઉ.આ.વ.૭૨, ધંધો** ખેતી, રહે.ઝાડી ફળિયા, બોરલાઈ
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી બોરલાઈ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ગજરીબેન બાબુભાઈ વારલી** રહે. ઝાડી ફળિયા, બોરલાઈ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્ર **દશરથભાઈ બાબુભાઈ વારલીનો** જન્મ તા.૦૯-૧૦-૧૯૯૦ના રોજ મોજે - બોરાલાઈ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૭૯/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

## PUBLIC NOTICE

**I, ADVOCATE JIGISHA GANDHI (B.Sc., D.M.Lt, LL.B-GOLD MEDAL),** Giving this public notice that,

All that Piece and Parcel of the Immovable Property Bearing Flat No. C-806, admg. 450 sq. Fts. i.e. 41.82 Sq. Mtrs. Super built up area, along with undivided share in land Admg. 5 Sq. Mtrs., on Eight Floor of building named "RAJ RATNA-C" Constructed on N.A. Land bearing C.S.No. 2395, admg. 450 sq. Mtrs., situated at Valsad Nagarpalika, Tal. & Dist. Valsad which is owned by Chetankumar Kishorbhai Patel. On verification of title documents, I found following title document registered in the Valsad Sub Registrar mentioned in the schedule below has been missing or lost/misplaced and that never ever it was used as security for obtaining any financial assistance by him or any one else. Any persons/s, society, institutions, group, trut, banks etc. owing any rights of ownership or possession or lien or claim of whatsoever nature in respect thereof are hereby informed to raise any such rights or claims all within a period of seven days from the date of publication of this notice personally before the under signing along with all documentary proof in original, upon expiry of which, no right or claim of whatsoever nature shall be entertained and Title Clear Certificate will be issued.

**SCHEDULE OF LOST DOCUMENT**

(1) Original Registered sale deed along with Registration Receipt bearing Serial No. 1943 dated 09.08.2005 executed by Ravi Corporation- a partnership firm in favour of Hasmukhbhai Ratilal Pandya.

Date : 08-07-2026
Place : VALSAD
Valsad : 306, Silver Coin, Halar Road, Valsad-396001
Vapi : A 1015, Sonorous, Vapi-396191

**Sd/-**
**ADVOCATE**
**JIGISHA GANDHI**
**(B.Sc., D.M.Lt, LL.B-GOLD MEDAL)**
**9374157414/7698376294/9725048236**

## જાહેર નોટીસ

મે. એડીશનલ સીવીલ જજ (પી.એ. શર્મા) સાહેબની કોર્ટમાં, પારડી મુ. પારડી, જી.વલસાડ

**વારસા અરજી નં.૧/૨૦૨૬**

**અરજદાર :- વિમલકુમાર બહાદુરભાઈ પટેલ**
**રહે. આમરણિયા ફળિયા, ડુંગરી, તા.પારડી જી.વલસાડ**

**વિરૂધ્ધ**

**સામાવાળા : રોમાબેન બહાદુરભાઈ પટેલ**
**રહે. ૧૯૧, કોળીવાડ ફળિયા, બરઈ, તા.પારડી**

**ગુજરનાર :- મરહુમ : સ્વ. બહાદુરભાઈ ગાંડાભાઈ પટેલ મરણ તારીખ : ૧૦/૧૧/૨૦૨૫ મુ. ડુંગરી તા.પારડી**

**જંગમ મિલકત : પોસ્ટ ઓફીસ ઉદવાડા તા.પારડી શાખામાં આવેલ બચત ખાતા નં. SB-9923623413 માં જમા રકમ કુલ રકમ રૂા.૮,૦૮,૦૦૦/- (અંકે રૂપિયા આઠ લાખ આઠ હજાર પુરા/-)**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, ઉપર જણાવેલ અરજદાર મરહુમ સ્વ. બહાદુરભાઈ ગાંડાભાઈ પટેલનાએ તેઓની હયાતી દરમ્યાન ધારણ કરેલ જંગમ મીલકત સબંધે અરજદાર મરહુમના વારસદાર થતા હોય તે સબબ વારસાઈ સર્ટીફિકેટ મેળવવા ઉપલા નંબરની અરજી કરેલ છે.

સદરહું ઉપરોક્ત વારસાઈ અરજી બાબતે લાગતા વળગતા હરકોઈએ જે તે લેખીત વાંધાઓ રજૂ કરવા હોય તો અત્રેની કોર્ટમાં નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ (ત્રીસ) દરમ્યાન જે તે વાંધાઓ રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારને માગ્યા મુજબનું વારસાઈ સર્ટીફિકેટ આપવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ તા.૧૭ માહે જુન સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| (સી.આર.બારોટ) | (ડી.જી. ચાવડા) | | રજીસ્ટાર |
| (આસી.) | (સુપ્રી.) | | સીવીલ કોર્ટ, પારડી |

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૬૩/૨૦૨૬

**અરજદાર : ભરતભાઈ મંજીભાઈ રયાત**
**ઉ.આ.વ.૪૭, ધંધો** ખેતી, રહે.પટેલપાડા, તલવાડા,
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી તલવાડા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ભરતભાઈ મંજીભાઈ રયાત** રહે. પટેલપાડા, તલવાડા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના કાકી **હરખુબેન ચૈતાભાઈ રયાતનું** મરણ તા.૨૦-૧૧-૧૯૯૯ના રોજ મોજે - તલવાડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૬૩/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

## સ્થાવર મિલકત ખરીદતાં પૂર્વેની જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જી.વલસાડના તા.વાપીના મોજે - મોરાઈ ગામે વાપી મહાનગર પાલિકા હદમાં આવેલ નીચેના વર્ણનવાળી ખેતી લાયક જુની શરતની જમીન.....

| ખાતા નં. | પ્રમોલગેશન થાય બાદનો નવો સર્વે નં. | નવા સર્વે નં. મુજબનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.માં) | જુનો સર્વે નંબર | આકાર (રૂા.પૈસા) |
|---|---|---|---|---|
| ૧૭૫ | ૧૯૫ | ૦-૨૦-૨૧ | ૧૧૯/૪ | ૦.૩૦ |

ના ક્ષેત્રફળવાળી જમીન યાને કે ૨૦૨૧.૦૦ ચો.મી. ક્ષેત્રફળની ૦.૩૦ પૈસાના આકાર વાળી હીરૂભાઈ પ્રાણભાઈ દેસાઈ, જ્યોતી દિલીપ દેસાઈ, વિરમતીબેન ઠાકોરભાઈ દેસાઈ તે ખંડુભાઈ દેસાઈની પુત્રી, સચિન ઠાકોરભાઈ દેસાઈ, બીજલ ઠાકોરભાઈ દેસાઈ, કપિલ ભરત નાઈક, રૂમલ રશેષ વશી, રમાબેન અજીતકુમાર દેસાઈ, પૃથા મનીષ દેસાઈ તે અજીતકુમાર નાગરજી દેસાઈની પુત્રી, હેતલબેન મનોજકુમાર દેસાઈ તે અજીતકુમાર દેસાઈની પુત્રી, શીતલ દેવાંગ દેસાઈ તે અજીતકુમાર દેસાઈની પુત્રી, મીનાબેન અરવિંદભાઈ દેસાઈ, ધવલ અરવિંદભાઈ દેસાઈ, જયદા અરવિંદભાઈ તે સુનીતની પત્ની, કુમુદબેન જયંતિલાલ દેસાઈ, અજય જયંતિલાલ દેસાઈની સ્વતંત્ર વડીલોપાર્જીત માલિકી કબજા ભોગવટાની આવેલી ખેતીની જમીન અમારા અસીલ અઘાટ વેચાણ દસ્તાવેજ કરાવી શુદ્ધબુદ્ધિપૂર્વક ખરીદવા ઈચ્છે છે. જેથી સદર ખેતીની સ્થાવર મિલકત સબંધે કોઈનું કરજ, બોજો, લાગભાગ-હક્ક-હિસ્સો કે હિત કે હક્કદાવો કે ભરણપોષણ અને તે સિવાય પણ કોઈપણના કંઈપણ હક્કો પોષાય રહેલા હોય કે આવેલા હોય કે કોઈપણ વ્યક્તિ-સંસ્થા કે ફાઈનાન્સ કંપની કે ધિરાણ કરતી પેઢીનું કે સરકારી કે સહકારી બેંકનો બોજો હોય કે સદર જમીનમાં સંપાદનની કે અન્ય કોઈ સરકારી કોઈપણ હક્ક સમાવિષ્ટ હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ બાદ સમયમર્યાદા વિત્યે દિન-૭ (સાત)માં જરૂરી આધાર પુરાવા સાથે રજી.ટપાલથી પોતાની લેખીત વાંધા અરજી નીચેના સ્થળે મોકલી આપવા જણાવવામાં આવે છે. જાહેર નોટિસની પ્રસિદ્ધિ બાદ સમયમર્યાદા વિત્યે દિન-૭ (સાત) બાદ અમારા અસીલ સબ રજીસ્ટ્રારશ્રી - વાપી સમક્ષ ઉપરોક્ત જમીન સબંધનો વેચાણ દસ્તાવેજ નોંધાવી લેવા કાર્યવાહી કરશે અને ત્યારબાદ કોઈપણનો વાંધો કે વિરોધ ધ્યાને લેવાને પાત્ર રહેશે નહી અને તેવી વાંધા અરજીઓ રદ ગણાશે, જેની જાહેર જનતાએ ગંભીરતાપૂર્વક નોંધ લેવી. વેચાણ દસ્તાવેજ થયા બાદ પણ જો કોઈ વ્યક્તિ કે સંસ્થા કે વ્યક્તિ સમૂહ કોઈપણ ન્યાયાલય સમક્ષ પોતાના ખોટા હક્ક દાવા રજૂ કરી કાનૂની પ્રક્રિયા કરશે તો તેવે વખતે અમારા અસીલ દસ્તાવેજ થયા બાદથી શરૂ થનાર નુકશાનીનું વળતર મળવા સાથે પોતાનો બચાવ રજૂ કરશે અને તે તમામ પ્રક્રિયામાં અમારા અસીલને થતું ખર્ચ, જોખમ અને જવાબદારી તેવી કાનૂની કાર્યવાહી કરનાર સબંધિત પક્ષકારોની રહેશે અને તે તમામ તેવા પક્ષકારોની સ્થાવર-જંગમ મિલકતથી વ. જાતથી હરેક પ્રકારની નુકસાની વળતર વસુલવા કાઉન્ટ કલેઈમ પણ કરશે, જેની જનતાએ ગંભીરતાપૂર્વક નોંધ લેવી.

**(નોંધ : લીગલ પુરાવા સિવાયનો વાંધો ગ્રાહ્ય ગણાશે નહી)**

**ઓફીસ : ૧૨૭, પહેલા માળે,**
**ગોવિંદા કોમ્પલેક્ષ, ચાર રસ્તા, વાપી,**
**તા.વાપી, જી.વલસાડ ૩૯૬૧૯૧**
**મો.૦૯૯૦૯૬૧૮૯૩૭**
**માલીકોની સહી/-**

**(હમારા અસીલની સૂચનાથી)**
**સહી/-**
**(શ્રીમતી ભારતી એમ. ઝીઝાલા)**
**એડવોકેટ**

No.MAM/KNVL/RBD-DNH/146/2026/840 Dated: 06/07/2026.

**APPLICANT - KHARPADIYA SHANKARBHAI KAKADBHAI,**
**R/o. Bhurkudpada, Shelti, DNH**
**Mob.: 9824743630/7203041501**

**V/S**

**OPPONENTS - - Registrar of Birth & Death, Rudana.**

**NOTICE**

The public to take note that applicant Shri Kharpadiya Shankarbhai Kakadbhai, r/o. Bhurkudpada, Shelti, DNH has submitted an application seeking registration of death of his mother namely Kashi Kakad Kharpadiya, D/o. Chaiti Kakad Bhurkud, who died on 05/08/1990 at Bhurkudpada, Shelti, DNH as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Rudana. Therefore, the applicant has requested to issue an order to register the death of Kashi Kakad Kharpadiya, D/o. Chaiti Kakad Bhurkud.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector (K) DNH, Khanvel.**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૩૯૯/૨૦૨૬

**અરજદાર : તુલસીબેન કાંતિલાલ પટેલ,**
**રહે.** દાદરી ફળિયા, ગાડરિયા,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મગોદ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **તુલસીબેન કાંતિલાલ પટેલ,** રહે.દાદરી ફળિયા, ગાડરિયા, તા.જી.વલસાડએ તેમના પિતા **દયાળભાઈ નરસિંહભાઈ પટેલનું** મરણ તા.૨૫-૦૯-૧૯૮૭ના રોજ મોજે. મગોદ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૩૯૯/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૫૦/૨૦૨૬

**અરજદાર : લાલબહાદુર બુધુશા શાહ**
**ઉ.આ.વ.૪૧, ધંધો** વેપાર, રહે.મોહનનગર ઉમરગામ ઈસ્ટ.તલાસરી રોડ,
**(વ.શ્રી. એસ.એલ.માછી)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી સોળસુંબા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **લાલબહાદુર બુધુશા શાહ** રહે. મોહનનગર ઉમરગામ ઈસ્ટ, તલાસરી રોડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દીકરી **નૈના લાલબહાદુર શાહનો** જન્મ તા.૦૮-૦૪-૨૦૧૧ના રોજ મોજે - સોળસુંબા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૧૫૦/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૯૮/૨૦૨૬

**અરજદાર : રોમાબેન વાલ્મીકીભાઈ માછી**
**ઉ.આ.વ.૩૫, ધંધો** નોકરી, રહે.ઉમરગામ, પાવરહાઉસ, વારલીવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. મિલન આર. પટેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, પલગામ**
**ગ્રામ પંચાયત કચેરી પલગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રોમાબેન વાલ્મીકીભાઈ માછી** રહે. ઉમરગામ, પાવરહાઉસ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પરનાની **હરખીબેન લાલાભાઈ માછીનો** મરણ તા.૩૧-૦૩-૨૦૦૬ના રોજ મોજે - પલગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૯૮/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

## CHANGE OF NAME

WE ASHISHKUMAR SUBHASHCHANDJI SANGHAVI AND JUGAL ASHISH SANGHAVI CHANGED MY MINOR DAUGHTER OLD NAME FROM JISHA SANGHAVI TO NEW NAME JISHA ASHISHKUMAR SANGHAVI AS PER DOCUMENTS

torrent POWER DNHDD

**લોડ શેડિંગ / ટ્રાન્સમિશન**

તમામ EHV અને HV ગ્રાહકોને જાણ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ સબસ્ટેશન હેઠળ આવતા વિસ્તારોમાં હાલના ચાલુ વીજભારના ૫૦% જેટલો વીજ પુરવઠો નીચે જણાવેલ દિવસો દરમિયાન મર્યાદિત (લોડ શેડિંગ) કરવામાં આવશે.

| સ્ટેગરીગનો દિવસ, તારીખ અને સમય | સબ-સ્ટેશનનું નામ | કારણ | રિમાર્ક્સ |
|---|---|---|---|
| તા.૧૦.૦૭.૨૦૨૬ શુક્રવાર, સવારે ૦૬.૦૦ વાગ્યા થી તા.૧૧.૦૭.૨૦૨૬ શનિવાર સાંજના ૭.૦૦ વાગ્યા સુધી. | ૨૨૦ કે.વી. ન્યૂ ખરાડપાડા | ગામ સુરંગી નજીકના બ્રિજ પાસે સ્થાન ક્રમાંક-૨૧ પર ૨૨૦ કે.વી. મલ્ટી સર્કિટ ટાવર લાઈનના શિફ્ટિંગ કાર્યને કારણે | તમામ ૨૨૦ કે.વી., ૬૬ કે.વી. અને ૧૧ કે.વી. એક્સપ્રેસ ફીડર સાથે જોડાયેલા ગ્રાહકો માટે ચાલુ લોડના ૫૦% જેટલું લોડ શેડિંગ રહેશે. |
| | ૨૨૦ કે.વી. ભિલોસા (GIS) | | |
| | ૨૨૦/૬૬ કે.વી. ખરાડપાડા | | |
| | ૨૨૦/૬૬ કે.વી. ખડોલી | | |
| | ૬૬ કે.વી. કલા અને વેલુગામ | | ૨૨૦ કે.વી. લાઈન ક્રોસિંગના કાર્ય માટે તમામ ૬૬ કે.વી. અને ૧૧ કે.વી. ગ્રાહકોનો વીજ પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે. |

નોંધ : કોઈપણ સૂચના વિના વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવશે.

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા વરિષ્ઠ તથા દિવ્યાંગ નાગરિકો માટે નીચે મુજબની વિવિધ વીજ સેવાઓ ઘર આંગણે કોલ કરીને મેળવી શકાશે.

● વીજબીલમાં નામબદલી ● વીજજોડાણનાં સ્થળમાં ફેરફાર
● વીજભારમાં સુધારો ● નવા વીજજોડાણની અરજી ● વીજબીલની ચુકવણી

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૯૫/૨૦૨૬

**અરજદાર : વારલી બેબીબેન પ્રવિણભાઈ**
**ઉ.આ.વ.૩૮, ધંધો** ખેતી, રહે.કનાડુ, નમલા ફળિયું
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. મિલન આર. પટેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, કલગામ**
**ગ્રામ પંચાયત કચેરી કલગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **વારલી બેબીબેન પ્રવિણભાઈ** રહે. કનાડું, નમલા ફળિયું, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના સાસુ **સમિલીબેન લક્ષ્મણભાઈ વારલીનું** મરણ તા.૧૮-૦૮-૨૦૨૧ના રોજ મોજે - કલગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૯૫/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૯૬/૨૦૨૬

**અરજદાર : વારલી બેબીબેન પ્રવિણભાઈ**
**ઉ.આ.વ.૩૮, ધંધો** ખેતી, રહે.કનાડુ, નમલા ફળિયું
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. મિલન આર. પટેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, કલગામ**
**ગ્રામ પંચાયત કચેરી કલગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **વારલી બેબીબેન પ્રવિણભાઈ** રહે. કનાડું, નમલા ફળિયું, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માસી સાસુ **શાંતીબેન રમણભાઈ વારલીનું** મરણ તા.૧૦-૧૧-૨૦૨૪ના રોજ મોજે - કલગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૯૬/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ


ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસકાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361






દરેક બ્રાન્ડેડ કંપનીના
શુટીંગ, શર્ટીંગ તથા
લેટેસ્ટ ડીઝાઈનમાં
ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા
સીલાઈ સાથે રૂ.5000/-
Raymond dinesh Siyarams DONEAR DIGJAM NIRVAN SHIRTINGS ICON ashima Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬





Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

• સલવાવ • બલીઠા • છરવાડા • છીરી • મોરાઈ • કુંતા • વટાર • નામધા • ચંડોર, • કરવડ • ચણોદ

# મધુબન ડેમમાંથી ૧.૨૪ લાખ ક્યુસેક પાણી છોડાતાં વાપી વિયર ઓવરફ્લો

**દમણગંગા કિનારાના ગામોમાં એલર્ટ, વાપી વીયર ડેમ ઓવરફ્લો જોવા લોકો ઉમટ્યા : પોલીસ બંદોબસ્ત ગોઠવાયો**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વલસાડ જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે કપરાડા તાલુકા ના કરાડ ગામે આવેલા મધુબન ડેમમાં પાણીની નોંધપાત્ર આવક થઈ છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્રએ સાવચેતીના ભાગરૂપે ડેમના ૧૦ પૈકી ૮ દરવાજા ૪ મીટર સુધી ખોલી તબક્કાવાર ૧,૨૪,૭૬૪ ક્યુસેક પાણી દમણગંગા નદીમાં છોડ્યું છે. હાલ ડેમની જળસપાટી ૭૩.૪૦ મીટર સુધી પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

મધુબન ડેમમાંથી મોટા -માણમાં પાણી છોડાતા દમણગંગા નદીના જળસ્તરમાં ઝડપથી વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેને ધ્યાનમાં રાખીને વલસાડ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ તથા જિલ્લા કલેક્ટરની સૂચના અનુસાર વાપી, ઉમરગામ અને કપરાડા તાલુકાના દમણગંગા નદીકાંઠે આવેલા ગામોમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે.

જિલ્લા -શાસને નાગરિકોને નદીના પટમાં ન જવા, નદી કિનારે ભીડ ન કરવા તથા જરૂરી સાવચેતી રાખવાની અપીલ કરી છે. નીચાણવાળા વિસ્તારોના રહેવાસીઓને પણ પરિસ્થિતિ પર સતત નજર રાખવા અને તંત્રની સૂચનાઓનું પાલન કરવા જણાવાયું છે.

દરમિયાન, મધુબન ડેમમાંથી છોડાયેલા પાણીના -વાહને કારણે વાપી જીઆઈડીસી વિસ્તારમાં આવેલ દમણગંગા નદી પરનો વાપી વીયર ડેમ ઓવરફ્લો થયો હતો. ઓવરફ્લોના મનમોહક દૃશ્યો જોવા માટે મોટી સંખ્યામાં લોકો દમણગંગા નદી કિનારે આવેલા મુક્તિધામ વિસ્તારમાં પહોંચી ગયા હતા. જોકે, -શાસન દ્વારા નદી કિનારે બિનજરૂરી ભીડ ન કરવા અને સુરક્ષિત અંતર જાળવવાની અપીલ કરવામાં આવી છે.





## વાપી અન્ડરબ્રિજ માથી વરસાદી પાણી ખેંચતી ઈલેક્ટ્રીકટ મોટરમાંથી કચરો સાફ કરાયો

વાપીના જે ટાઈપ ખાતે આવેલ રેલવે અંડર બ્રિજ ના સ્ટ્રોંગ વોટર ટાંકા માંથી પાણી ખેંચવાની મોટર વારંવાર બંધ થઈ જતા તેને રીપેર કરવાની કામગીરી કરાઈ રહી છે વાપી મહાનગરપાલિકાના જે ટાઈપ ખાતે આવેલ રેલવે અંડરબ્રીજ માં વરસાદી પાણી ના નિકાલ માટે વોટર સ્ટોપ ટાકાઓ અંડરબ્રિજના નીચે બનાવાયા છે જેમાંથી પાણી બહાર ખેંચી ફેકવા માટે લગભગ ૧૦ ૨૦ અને ૫૦ એચ પી થી લઈને જર્મન ટેકનોલોજી ની પાણી ખેંચવાની મોટર લગાવાય છે પરંતુ છેલ્લા ત્રણેક દિવસથી ભારે વરસાદને કારણે વરસાદી પાણી સાથે ખરાબ કચરો અને પ્લાસ્ટિક નો જથ્થો પણ આવી જતા વારંવાર મોટર ખરાબ થઈ જવાની ઘટના બની રહી છે જે અંગે છેલ્લા બે દિવસથી વાપી મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગના કર્મચારીઓ દ્વારા આ મોટર રીપેરની કામગીરી કરવામાં આવી રહી છે

# વાપીના બંને રેલવે અંડરબ્રિજ પર ૨૪ કલાક પોલીસ-વહીવટી તંત્રની નજર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વાપી શહેરના પૂર્વ અને પ?િમ વિસ્તારને જોડતા બંને મહત્વના રેલવે અંડરબ્રિજ પર વરસાદી સિઝન દરમિયાન વહીવટી તંત્ર અને પોલીસ વિભાગની ટીમો ૨૪ કલાક ખડેપગે ફરજ બજાવી રહી છે. ભારે વરસાદને કારણે અંડરબ્રિજમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાય ત્યારે કોઈ વાહનચાલક અથવા રાહદારી પાણીમાં ફસાઈ ન જાય અને દુર્ઘટના ન બને તે માટે સતત દેખરેખ રાખવામાં આવે છે.

પાણી ભરાવાની સ્થિતિ સર્જાતા જ સંબંધિત વિભાગો દ્વારા વાહનોની અવરજવર રોકી લોકોને સુરક્ષિત માર્ગ અપનાવવા સૂચના આપવામાં આવે છે. આ સતર્કતાના કારણે સંભવિત અકસ્માતો અટકાવવામાં સફળતા મળી રહી છે.બીજી તરફ, વાપી મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર પણ સતત કામગીરી કરી રહ્યું છે. પંપિંગ સહિતની વ્યવસ્થા દ્વારા અંડરબ્રિજમાં ભરાયેલું વરસાદી પાણી ગણતરીના સમયમાં બહાર કાઢવામાં આવે છે. પાણીનો નિકાલ થતાં જ માર્ગ ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવે છે.

વરસાદી સંજોગોમાં પોલીસ, વહીવટી તંત્ર અને મહાનગરપાલિકાના અધિકારીઓ વચ્ચેનું સુમેળભર્યું સંકલન શહેરમાં જનસુરક્ષા જાળવવા માટે અસરકારક સાબિત થઈ રહ્યું છે.

# આનંદનગર-છરવાડા રોડ બિસ્માર હાલતથી વાહનચાલકો ત્રાહીમામ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વાપીના આર.જી.એ.એસ. હાઈસ્કૂલ, વન વિભાગની કચેરીથી આસોપાલવ થઈ છરવાડા તરફ અને નેશનલ હાઈવે નંબર-૪૮ના અંડરપાસ સુધી જતો મુખ્ય માર્ગ અત્યંત બિસ્માર હાલત માં ફેરવાઈ ગયો છે. સતત વરસાદના કારણે માર્ગ પર અસંખ્ય મોટા-નાના ખાડા પડી જતાં વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

વાપી ના આ માર્ગ પરથી દરરોજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, સ્થાનિક રહેવાસીઓ, કર્મચારીઓ તેમજ ભારે અને હળવા વાહનોની અવરજવર રહે છે. માર્ગ પર પાણી ભરાઈ જતાં ખાડા દેખાતા નથી, જેના કારણે વાહનચાલકો અકસ્માતનો ભોગ બનવાની ભીતિ વચ્ચે વાહન ચલાવવા મજબૂર બન્યા છે. ખાસ કરીને બાઈકચાલકો માટે આ માર્ગ વધુ જોખમી સાબિત થઈ રહ્યો છે.

સ્થાનિકોમાં એવી લાગણી છે કે વરસાદી ઋતુ શરૂ થતાં પહેલાં માર્ગનું સમારકામ કરવામાં આવ્યું હોત તો આજે આવી સ્થિતિ સર્જાઈ ન હોત. અનેક વખત રજૂઆતો છતાં માર્ગનું યોગ્ય સમારકામ ન થતાં લોકોમાં તંત્ર -ત્યે અસંતોષ જોવા મળી રહ્યો છે.સ્થાનિકોએ સંબંધિત વાપી મહાનગરપાલિકાના બાંધકામ વિભાગને તાત્કાલિક રસ્તાનું સમારકામ કરી ખાડા પૂરવાની માંગ કરી છે, જેથી અકસ્માતની શક્યતાઓ ઘટે અને વાહનવ્યવહાર ફરીથી સુરક્ષિત બની શકે. જોકે છેલ્લા દસ વર્ષમાં આ માર્ગને બ્યૂટીફિકેશન કરવા પાછળ કરોડો રૂપિયા કરાયો હોવા છતાં આ માર્ગની આ હાલત જોઈ લોકો વહીવટી તંત્ર અને જન - તિનિધિ સામે ફિટકાર વરસાવી રહ્યા છે

# વાપીમાં વાહનચાલકો નિયમબદ્ધ પાર્કિંગ કરતાં જોવા મળ્યાં

**ટ્રાફિક પીઆઈ કાનાણી દ્વારા ટ્રક ચાલકો સહિત અન્ય વાહનચાલકો સામે ગુના નોંધાયા અને દંડ ફટકારાયો; હવે આડેધડ પાર્કિંગ કરનાર સામે સખત કાર્યવાહી કરવાની ચેતવણી**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વાપી શહેરમાંથી પસાર થતા નેશનલ હાઈવેના સર્વિસ રોડ તથા સેલવાસ રોડ, ગુંજન વિસ્તાર પર લાંબા સમયથી ટ્રક તેમજ અન્ય વાહનોના આડેધડ પાર્કિંગને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી. આ મુદ્દે ટ્રાફિક પોલીસ દ્વારા હાથ ધરાયેલી કડક કાર્યવાહી બાદ હવે સર્વિસ રોડ પર વાહનચાલકો નિયમબદ્ધ રીતે પાર્કિંગ કરતા જોવા મળી રહ્યા છે.

તાજેતરમાં વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશનના પીઆઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ ટ્રાફિક પોલીસની ટીમે સર્વિસ રોડ, સેલવાસ રોડ,જીઆઈડીસી, ગુંજન વિસ્તાર પર વિશેષ ડ્રાઈવ હાથ ધરી હતી. આ દરમિયાન નિયમોનો ભંગ કરીને રસ્તા પર વાહનો પાર્ક કરનાર ટ્રક ચાલકો સહિત અન્ય વાહનચાલકો સામે ગુના નોંધવામાં આવ્યા હતા તેમજ દંડની કાર્યવાહી પણ કરવામાં આવી હતી. પોલીસની આ કાર્યવાહીથી વાહનચાલકોમાં નિયમો -ત્યે જાગૃતિ આવી છે અને સર્વિસ રોડ પર વાહનો વ્યવસ્થિત પાર્ક કરતાં જોવા મળી રહ્યા છે. ટ્રાફિક વિભાગ પોલીસે સ્પષ્ટ સૂચના આપી છે કે હાઈવે સર્વિસ રોડ પર કોઈપણ વાહન આડેધડ અથવા નિયમોનો ભંગ કરીને પાર્ક કરવામાં આવશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જરૂર પડે ત્યાં ગુનો નોંધવા ઉપરાંત દંડાત્મક પગલાં પણ લેવામાં આવશે. ટ્રાફિક પોલીસે તમામ વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરી જાહેર માર્ગોને અવરોધમુક્ત રાખવા અપીલ કરી છે.

# છીરી-વલ્લભનગર રોડ મુદ્દે કોઈ ઉકેલ નથી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વાપીના છીરી-વલ્લભનગર રોડનું કામ ખાનગી જમીનના વિવાદમાં અટવાઈ જતાં સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. હાલ બે દિવસ વરસાદમાં રોડ સંપૂર્ણ ડૂબી જવા સાથે લોકોના ઘરોમાં પાણી ભરાઈ જતાં ભારે હાલાકી ભોગવવી પડી હતી. આ રોડ મુદ્દે અગાઉ કોંગ્રેસના આગેવાનોએ તંત્રને તાત્કાલિક કાર્યવાહી કરવા માંગ કરી યોગ્ય ઉકેલ નહીં આવે તો ઉગ્ર વિરોધ કાર્યક્રમની ચીમકી પણ આપી છે.

છીરી વલ્લભનગર વિસ્તારમાં ૫૦૦થી વધુ લોકો વસવાટ કરે છે. રોડ લાંબા સમયથી બન્યો નથી સમગ્ર માર્ગ ખાડા-ટેકરામાં ફેરવાઈ ગયો છે. છેલ્લા કેટલાક દિવસોથી



પડેલા વરસાદને કારણે રોડ પર પાણી ભરાઈ રહે છે, જેના કારણે વાહનચાલકો, શાળાએ જતા વિદ્યાર્થીઓ, મહિલાઓ અને વૃદ્ધોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કાદવ અને પાણીના કારણે અકસ્માતનો ભય પણ સતત સતાવી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ અનેક વખત તંત્ર સમક્ષ રજૂઆતો કરવા છતાં સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. ખાનગી જમીન સંબંધિત વિવાદને કારણે વિકાસકાર્ય અટકી ગયું હોવાનું કહેવામાં આવે છે, પરંતુ તેનો ભોગ સામાન્ય નાગરિકો બની રહ્યા છે.

કોંગ્રેસે માંગ કરી છે કે રોડનું કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવે અને વરસાદી પાણીના નિકાલ માટે પણ અસરકારક વ્યવસ્થા કરવામાં આવે. અન્યથા સ્થાનિકોને સાથે રાખી મનપા સામે વિરોધ કાર્યક્રમ યોજવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# વાપી મનપા ફાયર વિભાગે ઈમરજન્સી નંબર જાહેર કર્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વાપી મહાનગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઈમરજન્સી સંપર્ક નંબરો જાહેર કરવામાં આવ્યા છે.

આગ, પૂર જેવી બચાવ કામગીરી અથવા અન્ય કોઈપણ આકસ્મિક પરિસ્થિતિમાં તાત્કાલિક ફાયર વિભાગનો સંપર્ક કરી શકાય તે માટે વિશેષ જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

ફાયર વિભાગ દ્વારા જાહેર કરાયેલા નંબરોમાં ૯૭૨૭૭૭૪૫૯૧, ૭૬૯૮૮૨૫૪૦૪ તેમજ કંટ્રોલ રૂમનો લેન્ડલાઈન નંબર ૦૨૬૦-૨૪૬૦૧૦૦ સામેલ છે.

ઉપરાંત કુદરતી આપત્તિની કોઈપણ ઘટના બને તો રાષ્ટ્રીય ફાયર ઈમરજન્સી નંબર ૧૦૧ પર પણ તાત્કાલિક જાણ કરવા અપીલ કરવામાં આવી છે.

ફાયર વિભાગે જણાવ્યું છે કે ટીમ ૨૪ કલાક સેવા માટે સજ્જ છે અને આગ, પૂર , વૃક્ષો ધરાશાઈ થવા ,રેસ્ક્યૂ ઓપરેશન સહિતની આપત્તિમાં ઝડપી -તિસાદ આપવામાં આવે છે.

નાગરિકોને આગથી બચવા માટે જરૂરી સાવચેતી રાખવા, વીજ ઉપકરણો અને ગેસના ઉપયોગમાં તકેદારી રાખવા તેમજ કોઈપણ ઈમરજન્સીમાં ગભરાયા વગર તાત્કાલિક ફાયર વિભાગનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વાપી મનપા ફાયર વિભાગના કર્મીઓને ભોંયતળિયે શિફ્ટ કરવાની જરૂર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** વાપી મહાનગરપાલિકાના ફાયર વિભાગના કર્મચારીઓને ફરીથી શોપિંગ સેન્ટરના -થમ માળે ખસેડવામાં આવતા તેમની કાર્યક્ષમતા અંગે -ો ઊભા થયા છે. આગ, પૂર, માર્ગ અકસ્માત અથવા અન્ય કોઈપણ ઈમરજન્સી સમયે દરેક સેકન્ડ કિંમતી હોય છે, ત્યારે -થમ માળેથી તમામ સાધનો સાથે નીચે આવી વાહનોમાં બેસી ઘટનાસ્થળે પહોંચવામાં અનાવશ્યક વિલંબ થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

મળતી માહિતી મુજબ ફાયરમેન, ડ્રાઈવર સહિત ૧૩થી વધુ કર્મચારીઓ અગાઉ મોરારજી દેસાઈ



શોપિંગ સેન્ટરના ભોંયતળિયે કાર્યરત હતા. બાદમાં તેમને એ જ શોપિંગ સેન્ટરના -થમ માળે ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ બીજા માળે શિફ્ટ કરાયા હતા. થોડા મહિના પહેલાં બંબાખાન શોપિંગ સેન્ટરના ભોંયતળિયે તેમની ઓફિસ અને વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી, પરંતુ બે-ત્રણ મહિનામાં જ ફરીથી -થમ માળે સ્થળાંતર કરવામાં આવ્યું છે.ફાયર વિભાગના કર્મચારીઓનું માનવું છે કે ભોંયતળિયે કચેરી અને સ્ટાફ રૂમ હોય તો ઈમરજન્સી કોલ મળતાની સાથે જ કર્મચારીઓ સીધા ફાયર ટેન્ડર સુધી પહોંચી શકે છે. જ્યારે ઉપરના માળેથી સુરક્ષા સાધનો, ફાયર ગિયર અને અન્ય જરૂરી સામગ્રી સાથે નીચે ઉતરવામાં કિંમતી સમય વેડફાય છે.

શહેરમાં વધતી વસતી, ઊંચી ઈમારતો અને ઔદ્યોગિક એકમોને ધ્યાનમાં રાખતાં ફાયર વિભાગને વધુ સક્ષમ બનાવવાની જરૂરિયાત છે. શહેરના નાગરિકોમાં પણ માંગ ઉઠી છે કે જનહિતને -થમિકતા આપતાં ફાયર વિભાગના કર્મચારીઓને ફરીથી ભોંયતળિયે શિફ્ટ કરવામાં આવે, જેથી કોઈપણ દુર્ઘટના સમયે તાત્કાલિક અને અસરકારક રીતે બચાવ કામગીરી હાથ ધરી શકાય.


## ફલેટ વેચવાનો છે

**વાપીમાં નેશનલ હાઈવે નજીક આવેલા પ્રતિષ્ઠિત રહેણાંક વિસ્તારની લીફ્ટ, જનરેટર સેટ સહિતની અદ્યતન સુવિધાઓ ધરાવતી વેલમેન્ટેઈન કો. ઓપ. હાઉસીંગ સોસાયટીમાં**

**2 BHK ફલેટ વેચવાનો છે**

**Area : 1240 Sq.ft.**

**Mo. :98259 90770**



**ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ,વલસાડ.**

**The Valsad District Central Co-operative Bank Limited. Valsad.**

Administrative Office:- "Sahakar Sadan",Kacheri Road,Valsad-396001. Phone No.(02632)248725,241424.
Email : ceo@vdc.bank.in • Website: vdcbank.in.

## વાહન વેચવાનું છે

આ બેંકની માલીકીના નીચેની વિગતે વાહન જે હાલતમાં છે તે હાલતમાં વેચવાનું છે.

| અ.નં. | વિગત | મોડેલ | રજીસ્ટ્રેશન નંબર | રીઝર્વ કિંમત | ઈએમડી (રીફંડેબલ) |
|---|---|---|---|---|---|
| ૧ | ટોયોટા ફોર્ચ્યુનર (2WD-AT) | ૧૨-૨૦૧૮ | જીજે -૧૫- સીએચ -૯૬૫૪ | રૂા.૧૨.૫૦ લાખ | રૂા.૧.૨૫ લાખ |

ઉપરોક્ત વાહનો તા.૦૭/૦૭/૨૦૨૬ થી તા.૧૫/૦૭/૨૦૨૬ સુધી ઓફીસ સમય દરમ્યાન બેંકના સહકાર સદન, કચેરી રોડ, વલસાડના કમ્પાઉન્ડમાં જોઈ શકાશે.

શરતો :-

૧. ટેન્ડર તા.૦૭/૦૭/૨૦૨૬ થી તા.૧૫/૦૭/૨૦૨૬ સુધીમાં સવારે ૧૦:૦૦ થી ૦૪:૦૦ સુધીમાં સ્વીકારવામાં આવશે. (જાહેર રજા સીવાય)

૨. ટેન્ડર ડીપોઝીટ (ઈએમડી) રૂા.૧,૨૫,૦૦/- ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓપરેટીવ બેંક લી.ના નામના ડ્રાફ્ટથી બેંકની વહીવટી કચેરીમાં જમા કરાવવાની રહેશે.

૩. ટેન્ડર બંધ કરવામાં આપવાનું રહેશે.

૪. ટેન્ડર મંજુર કે નામંજુર કરવાનો આખરી નિર્ણય બેંકનો રહેશે.

તારીખ : ૦૬/૦૭/૨૦૨૬

સહી/-

ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર





**સ્વ. પ્રકાશચંદ્ર (બહાદુરભાઈ) મોહનલાલ દેસાઈ**
સ્વ. તા. 07/07/2026

## અનાવિલ અવસાન

ગામ કચીગામ નિવાસી સ્વ. પ્રકાશચંદ્ર (બહાદુરભાઈ) મોહનલાલ દેસાઈ (સ્વ. તા. 07/07/26) ની બંને પક્ષની સંયુક્ત પ્રાર્થનાસભા શનિવાર તા. 11/07/26 ના રોજ બપોરે 3 થી 5 કલાકે રાખવામાં આવી છે.

પ્રાર્થનાસભા નું સ્થળ :- અનાવિલ હોલ, નામધા રોડ, વાપી (પશ્ચિમ)

લૌકિક રિવાજ બંધ છે.

લિ.

સ્વ. મોહનલાલ લાલભાઈ દેસાઈ પરિવાર (કચીગામ)

સ્વ. બાબુભાઈ કૃષ્ણકાંત જોશી - સાસરા પક્ષ (મુંબઈ)

:: સંપર્ક સૂત્ર ::

બકુલભાઈ - 9824334400

રાકેશભાઈ - 9427189998

હિતેશભાઈ - 9909900070


**'ગણેશોત્સવ'ને અઢી મહિના જ બાકી**

# વાપીમાં શ્રીજીની પ્રતિમાઓ બનાવવામાં કારીગરો વ્યસ્ત થયા

**ચલા વિસ્તારમાં છેલ્લા ૧૫ વર્ષથી કોલકાતાના ૬ જેટલા કારીગરો મે મહિનાથી બાંબુ, ઘાસ અને માટીનો ઉપયોગ કરી અઢી ફૂટ થી લઈ ૧૫ ફૂટ સુધીની આકર્ષક પ્રતિમાઓ તૈયાર કરી રહ્યાં છે**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૮ :** ગણેશોત્સવને હજુ અઢી મહિના જેટલો સમય બાકી હોવા છતાં વાપીના ચલા વિસ્તારમાં ભગવાન શ્રી ગણેશજીની -તિમાઓ બનાવવાની કામગીરી પૂરજોશમાં શરૂ થઈ ગઈ છે. છેલ્લા ૧૫ વર્ષથી દર વર્ષે કોલકાતાથી આવતા આશરે ૬ અનુભવી કારીગરો મે મહિનાથી જ વાપીમાં રોકાઈ પરંપરાગત પદ્ધતિથી શ્રીજીની -તિમાઓ તૈયાર કરવામાં વ્યસ્ત બની જાય છે. કારીગરો સૌ-થમ બાંબુ વડે -તિમાનો મજબૂત ઢાંચો તૈયાર કરે છે. ત્યારબાદ ઘાસ અને દોરડાની મદદથી -તિમાને જરૂરી આકાર આપવામાં આવે છે. અંતે કોલકાતાથી લાવેલી માટી ચઢાવી સુંદર અને આકર્ષક મૂર્તિઓ તૈયાર કરવામાં આવે છે. મૂર્તિઓ સુકાઈ જાય પછી તેમાં વિવિધ રંગો અને કલાત્મક શણગાર કરીને આખરી ઓપ આપવામાં આવે છે. ચલા વિસ્તારમાં તૈયાર થતી -તિમાઓ વાપી ઉપરાંત વલસાડ, ઉમરગામ, દમણ, સેલવાસ અને આસપાસના વિસ્તારોમાં પણ મોકલવામાં આવે છે. દર વર્ષે નાના ઘરગથ્થુ ગણપતિથી લઈને જાહેર મંડળો માટેની વિશાળ -તિમાઓ સુધી વિવિધ કદની મૂર્તિઓ બનાવવામાં આવે છે. હાલ કારીગરો દિવસભર મહેનત કરી સમયસર ઓર્ડરો પૂર્ણ કરવા માટે કાર્યરત છે.કોલકાતાના કારીગર ઉત્તમ પાત્રાના જણાવ્યા મુજબ દર વર્ષે ગણેશોત્સવ પહેલાં મોટી સંખ્યામાં મૂર્તિઓના ઓર્ડર મળતા હોવાથી સમયસર કામગીરી શરૂ કરવી જરૂરી બને છે. એટલે તેઓ મે મહિનાથી કામ શરૂ કરી દે છે.છેલ્લા કેટલાક વર્ષોથી પર્યાવરણ -ત્યે લોકોમાં જાગૃતિ વધતા ઈકો-ફ્રેન્ડલી માટીની -તિમાઓની માંગમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. આ વર્ષે પણ સુંદર, આકર્ષક અને પર્યાવરણને અનુકૂળ શ્રીજીની -તિમાઓ તૈયાર કરવામાં વ્યસ્ત બન્યાં છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**